## શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રી ઈ. ઈ. એલ. કે કોમર્સ કોલેજ,

ચીખલી, જી. નવસારી

# વિમલ

(૨૦૧૫-૨૦૧૬)




પરામર્શક
પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઈ

લાડ મિતેશ એસ.
એમ.કોમ.
મેગેઝીન મંત્રી

પ્રા. શંકર બી. પટેલ
પ્રા. રમીલા બી. નાયક
(અધ્યક્ષ મેગેઝીન સમિતિ)



સ્વાતંત્ર્ય સેનાની, સમાજસેવક અને શિક્ષણ સંવર્ધક

# સ્વ. મોહનલાલ મણિલાલ દેસાઈ

જન્મ : ૨૭-૩-૧૯૧૫ અવસાન : ૧૩-૧૧-૧૯૯૯

નિત્ય રોપાયા ભૂમિ મહીં તે આપ છો,
મૂળ કે પાયો સુદ્દઢ છે તે આપ છો.
શુષ્કતા ભીનાશ બંને રૂપમાં જે છે તે આપ છો,
ખૂબ રેલાય જે વાત્સલ્ય ભાવે તે આપ છો.
વૃક્ષ સાથે ખૂબ ઘનિષ્ઠ સંબંધ છે,
અમ શીશ પર શીળી છત્રછાયા જે છો તે આપ છો.

**OUR VISION :**

- Educating to integrate economic, social, political and spiritual wellness and holistic development in improving quality of life for tribal and non tribal people of this area.
- To provide meaningful and relevant educational oppurtunities topeople of tribal belt.
- To make quality education assesible to maximum people of the tribal belt.

**OUR MISSION :**

- Transforming lives of tribals through learning
- To empower the deprived, remote and sparsely located tribal belt 4 by educating them.
- To import education without distinction of caste, creed and community.
- To promote ICT and start new need based programs in era of globalization.
- To aim at holistic development of students, to make them responsible citizens of nation.

# શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ
# શ્રી ઈ. ઈ. એલ. કે કોમર્સ કોલેજ,
## ચીખલી, જી. નવસારી

# વિમલ

(૨૦૧૫-૨૦૧૬)

પરામર્શક
પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઈ

લાડ મિતેશ એસ.
એમ.કોમ.
મેગેઝીન મંત્રી

પ્રા. શંકર બી. પટેલ
પ્રા. રમીલા બી. નાયક
(અધ્યક્ષ મેગેઝીન સમિતિ)

# વિમલ
## (વાર્ષિક મુખપત્ર)
## (૨૦૧૫-૨૦૧૬)


**પ્રકાશક**

પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઈ
શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ
શ્રી ઈ.ઈ.એલ.કે. કોમર્સ કોલેજ,
ચીખલી (૩૯૬ ૫૨૧), જિ. નવસારી

**: મુદ્રક :**

**કલ્પવૃક્ષ ફોર્મ્સ હાઉસ**
**એ-૧ નવજીવન કોલોની,**
**સ્નેહલ હોસ્પિટલ પાસે, કોલેજ રોડ,**
**બીલીમોરા - ૩૯૬ ૩૨૧**
**ફોન નં. : (૦૨૬૩૪) ૨૮૯૯૪૦**

# સંપાદકીય

સાંપ્રતમાં વિદ્યાર્થી વાચન વિમુખ થવાની ફરિયાદ વારંવાર સંભળાતી રહી છે. પરીક્ષા શરૂ થવાને અઠવાડિયું બાકી હોય ત્યારે અભ્યાસક્રમની માહિતી મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી નથી. આમ છતાં પરીક્ષાલક્ષી વાંચન કરનારા વિદ્યાર્થીઓની પણ કમી નથી. વાંચન સંદર્ભે વિદ્યાર્થીઓને ત્રણ - ચાર વર્ગમાં મૂકી શકાય. એક વર્ગ એવો કે જે અભ્યાસક્રમ વગરનું પણ વાંચે. બીજો વર્ગ એવો કે જે ઊંચા ગુણાંકન મેળવવા અભ્યાસક્રમ પૂરતું વાંચે, ત્રીજો વર્ગ એવો કે જે પાસ થવા પૂરતું વાંચે અને ચોથો વર્ગ એવો કે જે પાસ થવાય કે ન થવાય એવી ચિંતા વગરનો. જે વાંચે તો વાંચે નહિ તો વાંચ્યા વગર જ પરીક્ષા આપે અને પાસ પણ થઈ જાય.

પ્રિ. કુંજવિહારી મહેતાએ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ટકોરતાં પોતાનો વસવસો આ રીતે વ્યક્ત કર્યો હતો. ''પ્રવર્તમાન શિક્ષણજગતમાં મૂલ્યોનો ઝડપથી હ્રાસ થઈ રહ્યો છે. જો ઉપરોક્ત વિધાન યથાર્થ હોય તો શિક્ષણનું સ્તર ઊંચું લાવવા શું કરવું એ ચિંતનનો વિષય બને છે. મને લાગે છે વાંચનની ટેવ હાલની તાતી જરૂર છે. વાંચનથી મનુષ્ય વિચાર, લાગણી, ચિંતન, વર્તન, શિક્ષણ, વ્યવહારજ્ઞાન, ધર્મજ્ઞાન તથા અન્ય ક્ષેત્રના જ્ઞાનથી વાકેફ બને છે. પ્રાપ્તજ્ઞાન સ્વહિતાય તથા સર્વહિતાય બની શકે છે. તેથી જ ઈરાનના ભક્તકવિ શેખ સાંઈ કહે છે ''તારી પાસે બે દિનાર હોય તો એક દિનાર રોટી અને બીજો દિનાર પુસ્તક ખરીદવા માટે રાખજે.'' આમ ખરીદેલું પુસ્તક ભલે તરત જ ન વંચાય તો તેનો રંજ ન રાખીએ.પરંતુ આવા પુસ્તકો આપણા ઘર, સંસ્કાર અને વ્યવહારની શોભા વધારે છે. કારણ કે ન વંચાયેલું પુસ્તક અનુકૂળતાએ વાંચી શકાય છે. જે આપણામાં સંસ્કારસિંચન અને જ્ઞાનમાં વધારો કર્યા વિના રહી શકતા નથી.

નિબંધકાર વાડીલાલ ડગલી પુસ્તકાલયની મહત્તા દર્શાવતાં લખે છે: ''મને લાગે છે પુસ્તકાલય એ માનવ સંસ્કૃતિનું એક અવિભાજ્ય અંગ છે, એક જ જગ્યાએ અનેક વિષયોનાં પુસ્તકો એકઠાં કરવાનો સૌથી પ્રથમ જેણે વિચાર કર્યો હશે, તેમણે પૈડું શોધવા જેવું મહાભારત કામ કર્યું હશે. જે કામ પૈડાંએ માનવ સંસ્કૃતિ અને ટેકનોલોજીના વિકાસ માટે કર્યું તે કામ લાયબ્રેરીએ માનવસંસ્કારના વિકાસ માટે કર્યું છે. અહીં હું સંસ્કૃતિ એટલે માણસની પોતાની બહારની દુનિયાનો વિકાસ, અને સંસ્કાર એટલે માણસની પોતાની અંદરની દુનિયાનો વિકાસ એ અર્થમાં આ બે શબ્દોનો ઉપયોગ કરું છું. માણસે કુદરતને ભલે માત કરી, ભલે એણે ભૌતિક વિકાસના નવા શિખરો સર કર્યા, પણ એ સાથે એનું હૃદય ન વિકસે તો દેશદેશમાં હિટલર જેવા નર રાક્ષસો ફૂટી નીકળે. જે કામ વ્યાયામશાળા શરીર માટે કરે છે તે કામ પુસ્તકાલયો હૃદય અને બુદ્ધિ માટે કરે છે.''

સારાં પુસ્તકોનું વિશાળવાંચન અને પરિશીલન વિદ્યાર્થીઓના જીવનમાં પ્રકાશ પાથરે છે. જ્યારે વિદ્યાર્થી નોકરી ધંધાર્થે અનુભવાર્થી થવા નીકળે છે ત્યારે તે ઉપકારક બને છે. વિદ્યાર્થી અવસ્થામાં પડેલી આ ટેવ ઘણાને એ દિશામાં લઈ જવા પ્રેરણારૂપ નીવડે એમ પણ બને.

અમારી કોલેજ દ્વારા પ્રગટ થતું વાર્ષિક મેગેઝીન ''વિમલ'' વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓનો પરિચય કરાવે છે. વર્ષ દરમિયાન થયેલી કોલેજની વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓનું શું યોગદાન છે તેનો ચિતાર આપે છે. સર્જનાત્મક પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, રમતગમત જગત અને અન્ય વિવિધ પ્રવૃત્તિઓ સાથે તેનો નાતો રહે છે. શિક્ષણ અને શિક્ષણેતર પ્રવૃત્તિનો ગ્રાફ મેગેઝીનમાં પ્રતિબિંબિત થાય છે. કોલેજની વિવિધ પ્રવૃત્તિઓને વેગ અને સફળતા અપાવવામાં વડીલ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ દેસાઈ, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દર્શનભાઈ દેસાઈ તથા આચાર્યશ્રી ડૉ. ફાલ્ગુની દેસાઈનું પ્રેરણાદાયી માર્ગદર્શન મળતું રહ્યું. એમનો ઋણ સ્વીકાર ન કરીએ તો કેમ ચાલે ? કોલેજનો સમગ્ર સ્ટાફ, જી.એસ., વિદ્યાર્થીમંડળના મંત્રીઓ અને વિદ્યાર્થીઓના સહયોગ થકી જ કોલેજનો સર્વોચ્ચ વિકાસ શક્ય બને છે. ''વિમલ'' આપ સૌના હાથમાં પહોંચાડતાં આનંદ થાય એ સહજ છે.

**આસી. પ્રા. શંકર પટેલ**

**આસી. પ્રા. રમીલા નાયક**

# અનુક્રમ


| | |
|---|---|
| સંપાદકીય | આસી. પ્રા. શંકર પટેલ |
| | આસી. પ્રા. રમીલા બી. નાયક |
| શુભેચ્છા | શ્રી અરવિંદભાઈ દેસાઈ |
| શુભેચ્છા | શ્રી દર્શનભાઈ દેસાઈ |
| આચાર્યશ્રીની કલમે | પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઈ |
| તલાશ | પૂજા આર. રાજપૂત |
| રંગ | દેવાંગ ત્રિવેદી |
| સ્પર્શ | કમલ પટેલ |
| રાહ | દેવાંગ ત્રિવેદી |
| ગતિ | આસી. પ્રા. સી. ડી. પટેલ |
| વિદાયટાણે | આસી. પ્રા. શંકર પટેલ |
| અવસર | આસી. પ્રા. શંકર પટેલ |
| शिवेन कृतं तपपरीक्षणम् | પટેલ રવિ એન. |
| सफल जीवन के मंत्र | ભોયા સેજલબેન એન. |
| देशभक्ति एवम् राष्ट्रनिर्माण | પટેલ તનુજાબેન બી. |
| કોલેજકાળનાં સંસ્મરણો | ભાવિની એ. પટેલ |
| નારી સશક્તિકરણ | તેજસ મિસ્ત્રી |
| આથમતો સૂર્ય........... | આસી. પ્રા. દક્ષાબેન પટેલ |
| સંસ્કૃત સાહિત્ય અને માનવ અધિકાર | આસી. પ્રા. નયના કે. નાયક |
| કૃષ્ણાવતારના શ્રીકૃષ્ણ | આસી. પ્રા. રમીલા બી. નાયક |
| Peace & Freedom........ | Assi. Minu R. Desai |
| પ્રાણીવર્તન | આસી. પ્રા. વી. એમ. દેસાઈ |
| જીવન કીમીયો | આસી. પ્રા. દિનેશભાઈ રાઠોડ |
| સંસ્કૃતિ અને સભ્યતા | આસી. પ્રા. ઈન્દુબેન પટેલ |
| સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત | આસી. પ્રા. એ. સી. પટેલ |
| विश्वपटल पर रामकथा का संदर्भ | આસી. પ્રા. મુકેશ પટેલ |
| પ્રવૃત્તિની પગદંડી | |
| શૈક્ષણિક ઝાંખી | |


કૃતિઓનુ ઉત્તરદાયિત્વ જે તે કર્તાઓનું છે સંપાદકોનું નથી.

# શુભેચ્છા



પ્રતિવર્ષ કોલેજમાં આવતા વિદ્યાર્થીઓ પ્રફુલ્લિતમન અને ચિત્ત સાથે ભાવિ સ્વપ્નો લઈને આવતા હોય છે. એમની ઊંચી ઊડાન ભરવાની મનોકામનાને પહોંચી વળવા કોલેજમાં પૂરતો અવકાશ પ્રાપ્ત થાય છે. તંદુરસ્ત આબોહવા ધરાવતી આ કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિ વિદ્યાર્થીઓની રસરુચિને સંતોષવામાં સફળ રહી છે. વિદ્યાર્થી સ્નાતક કે અનુસ્નાતક સુધીના અભ્યાસકાળ દરમિયાન ઘણુંબધું પામતો અને સંસ્કારાતો રહે છે.

અમારું સ્વપ્ન વિદ્યાર્થીના સંસ્કાર ઘડતર સાથે એમના ઉજ્જવળભાવિના પાયામાં આ સંસ્થાનું મોટું યોગદાન રહે અને રાષ્ટ્ર, રાજ્ય, સમાજ અને કુટુંબની સ્વાયત્ત વ્યવસ્થામાં પોતાનો યત્‌કિંચિત્ ફાળો આપી વિમલ ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ ઈ.ઈ.એલ.કે કોમર્સ કોલેજ, ચીખલીના નામને રોશન કરો એવી હાર્દિક અપેક્ષા સહ શુભકામના.

The World is a thousand faced mirror.
You fight a single tiny lamp of perception
and lot a thousand flames spring of life.

**- Swami Ishwarananda Giri**

**- શ્રી દર્શનભાઈ દેસાઈ**
**મેનેજીંગ ટ્રસ્ટી**
**વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ, ચીખલી**

# શુભેચ્છા



વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી એમ. આર. ડી. આટ્‌ર્સ એન્ડ શ્રી ઇ.ઇ.એલ. કે. કોમર્સ કોલેજ ચીખલી પાંચ દાયકા પૂરા કરવાની સમીપ જઇ રહી છે એનો આનંદ છે. ૧૯૬૯ થી શરૂ થયેલી આ કોલેજ ભારે આર્થિક મુશ્કેલીમાં પણ અડગ રહી શકી એ આનંદ અને ગર્વની બાબત છે. ગામડાના અને ઊંડાણના વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બનેલી આ સંસ્થાએ કોલેજ દ્વારા શિક્ષણની જરૂરિયાતને પહોંચી વળવાનું ભગીરથ કાર્ય કર્યું છે. ઉત્તરોત્તર સંસ્થા વિકાસની કેડીઓ કંડારતી આગળ વધતી રહી છે. વણથંભી વિકાસયાત્રાની પ્રતીતિ કરાવતી આ કોલેજ આટ્‌ર્સ, કોમર્સ, બી.સી.એ., સાયન્સ તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. જેવા શિક્ષણના વિવિધ વિભાગો ધરાવે છે. જેનો લાભ વર્ષાથી વિદ્યાર્થીઓ લેતા રહ્યાં છે.

કોલેજમાં ઉપલબ્ધ ભૌતિક સગવડો વિદ્યાર્થીના શિક્ષણમાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. હવા - ઉજાશવાળું કોલેજનું મોટું મકાન, સમૃધ્ધ લાયબ્રેરી, ક્રિકેટ માટેનું મોટું મેદાન, અદ્યતન જિમ્નેશિયમ, કોન્ફરન્સરૂમ, મોટો સભાખંડ તથા શિક્ષણ આપવા માટેના અદ્યતન ઉપકરણોની ઉપલબ્ધિ આ કોલેજનું નજરાણું છે.

આ સંસ્થામાં શિક્ષણ પ્રાપ્ત કરવા આવેલો વિદ્યાર્થી વિદ્યાસંસ્કાર સાથે જીવનસંસ્કારનું ભાથું પ્રાપ્ત કરીને જાય છે. દરેક વિદ્યાર્થી પોતાના જીવનને સુખ અને શાંતિમય બનાવે તથા કોલેજને ઉજ્જવળ કીર્તિ અપાવે એવી સૌને હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

**- શ્રી અરવિંદભાઇ દેસાઇ**

**ટ્રસ્ટીશ્રી**

## પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઈ



"The wound is the place where the light enters you"

- Rumi

टूटे हुए तारों से फूटे
वासंती स्वर,
पथ्थरकी छाती में
उग आया नव अंकुर
झरे सब पीले पात
कोयल की कुहुक रात
प्राची में अरुणिमा का
रेख देख पाता हूँ ।
गीत नया गाता हूँ ।
गीत नया गाता हूँ ।

- अटल बाजपेयी

પરિવર્તિત થતાં સમયના ગર્ભમાં ઉદિત થનાર દરેક નવીન ક્ષણોનું બીજ હોય છે. જે આકાશને આંબવા માંગે છે એને કોઈ અવરોધી શકતું નથી. શ્રી એમ. આર. ડી. આટ્ર્સ એન્ડ શ્રી ઈ.ઈ.એલ.કે. કોમર્સ કોલેજમાં ૨૦૧૨ માં અચાર્યા તરીકે પદભાર સંભાળ્યો. સતત પ્રવૃત્તિમય રહ્યા પછી સંસ્થા થકી નવીન પદ નિયુક્તિની વિશિષ્ટ તક સાંપડી. પુનઃ માતૃ સંસ્થાની સેવાર્થે હાજર થઈ. સમગ્ર વર્ષ દરમિયાન સંસ્થાની ગતિવિધિ રજૂ કરતાં ગૌરવ અનુભવું છું.

યોગ દિવસની ઉજવણીથી શરૂ થયેલ વર્ષે સૌને તાજગીસભર અને સ્ફૂર્તિમય બનાવી દીધા. સ્વ. શ્રી મોહનકાકાના અડીખમ પ્રયત્નો, વડીલ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈની સતત દેખભાળ અને યુવાન ઉત્સાહી મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દર્શનભાઈના સફળ નેતૃત્વથી સાચા અર્થમાં 'વિમલ' પુરવાર થયેલ આદિવાસી વિસ્તારની રળિયામણી આ સંસ્થાએ સમાજના યુવાધન માટે વડલાની ગરજ સારી છે.

આપણી કોલેજમાં વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન સ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૫૪૫ છે. તેમાં ૪૮૧ ભાઈઓ અને ૬૭૩ બહેનો છે. આટ્ર્સ ફેકલ્ટીમાં ૭૭૩ વિદ્યાર્થીઓ અને કોમર્સ ફેકલ્ટીમાં ૩૮૧ વિદ્યાર્થીઓ છે. અનુસ્નાતક કક્ષાએ (એમ.એ., એમ.કોમ.) વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૩૧૧ છે. તેમાં ૭૯ ભાઈઓ અને ૨૩૨ બહેનો છે. કોલેજની ભૌતિક સુવિધા માટે તથા વિદ્યાર્થીઓની સવલતો માટે ગુજરાત સરકાર તરફથી એસ.ટી., એસ.સી. ના વિદ્યાર્થીઓને મેરીટ પ્રમાણે રૂા. ૬૭૬૩૭૯૦ ની આર્થિક સહાય આપવામાં આવી છે.

સદ્ગત મોહનકાકાની સ્મૃતિ સ્મરણાંજલિ રૂપે શારદા ફાઉન્ડેશનના ઉપક્રમે કોલેજ પ્રાંગણમાં મેગા મેડીકલ ચેકઅપ નું આયોજન કરવામાં આવ્યું.

વિદ્યાર્થીઓ માટે નિદર્શન રૂપ સમાજ સેવા સાથે કોલેજ શૈક્ષણિક સિધ્ધિઓમાં પણ અગ્રેસર છે. ૨૦૧૫-૧૬ ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કક્ષાએ કોલેજનું પરિણામ પ્રશંસનીય રહ્યું.

ઈતિહાસ વિષયની વિદ્યાર્થીની હળપતિ વૈશાલીબેન રમેશભાઈ એ યુનિવર્સિટીમાં પ્રથમવર્ગમાં પ્રથમ (Distinction) પ્રાપ્ત કરી શ્રી ગુલાબભાઈ રુદ્રજી મહેતા પારિતોષિક પ્રાપ્ત કર્યું. તેઓને યુનિવર્સિટી કક્ષાના પારિતોષિક બદલ ખૂબ ખૂબ અભિનંદન.

રમતગમત એ વ્યક્તિના સમગ્રલક્ષી વિકાસનો અભિન્ન આયામ છે. સંસ્થા દ્વારા તૈયાર કરાયેલ

અદ્યતન સુવિધાથી સજ્જ જિમ્નેશિયમ તથા અદ્યતન મેદાનના ફળ સ્વરૂપે કોલેજની વિદ્યાર્થીની કુ. સરિતા ગાયકવાડે એથ્લેટિક્સમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી કોલેજને તથા યુનિવર્સિટી ને રાષ્ટ્રીય કક્ષાએ ગૌરવાન્તિ કરી છે. સરિતા ગાયકવાડે એથ્લેટિક્સ સ્પર્ધામાં ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી માં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા. પતિયાલા ઉપરાંત જમ્મુ - કાશ્મીરમાં પણ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા. ખેલમહાકુંભમાં ગોલ્ડમેડલ તથા બ્રોન્ઝમેડલ પ્રાપ્ત કર્યો. સાયકલીંગ અને ખોખો સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ સાથે કોલેજની ટીમ એથ્લેટીક્સ મીટ ૨૦૧૫-૧૬ માં રનર્સ અપ બની. વળી, સરિતા ગાયકવાડ વ્યક્તિગત નવ માનાંકો સિધ્ધ કરી વ્યક્તિગત ચેમ્પિયન બની એની સિધ્ધિઓને આ તકે હૃદયથી બિરદાવીએ છીએ.

વર્ષભર સપ્તધારાની વિવિધ પ્રવૃત્તિઓથી સંસ્થાનું હૃદય ધબકતું રહ્યું. મહિલા સશક્તિકરણ અન્વયે મહિલા શિક્ષણ દિવસની ઉજવણી, દેશભક્તિ ગીત, સ્વયં સંચાલન દિન, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્રકળા સ્પર્ધા, રંગોળી તથા મહેંદી સ્પર્ધા, એન.એસ.એસ., એન.સી.સી. ની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલ શક્તિને અભિવ્યક્ત થવાની તક પ્રાપ્ત થઈ. યુનિવર્સિટી યુવક મહોત્સવમાં વિદ્યાર્થીઓએ સંગીત, નૃત્ય, સાહિત્ય સંલગ્ન વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો. મતદાન જાગૃતિ, માતૃભાષા ગૌરવ, વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓના મહત્વથી વિદ્યાર્થીઓને અવગત કરવામાં આવ્યા. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી તથા સંસ્કૃત ભાષામાં વિદ્યાર્થીઓએ કાવ્ય રજૂ કરી દેશભક્તિને ઉજાગર કરી.

વિદ્યાર્થીઓના સમગ્રતાલક્ષી વિકાસ માટે જરૂરી સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની તાલીમ માટે સેમિનારનું આયોજન થયું. સંસ્કૃત તથા એકાઉન્ટન્સી વિષયના તજજ્ઞ અધ્યાપકોના વ્યાખ્યાનનું આયોજન થયું. ઉચ્ચ શિક્ષણ વિભાગ એન.સી.સી. દ્વારા નિયુક્ત સરકારી વિનયન - વાણિજ્ય કોલેજ ખેરગામના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. સંજયભાઈ પટેલ તથા તેમની ટીમે BISAG - SANDHAN ની માહિતી તથા તેના ઉપયોગના લાભો અંગે વિદ્યાર્થીઓને જાણકારી આપી.

યુ.જી.સી. ની ૧૨ મી યોજના હેઠળ IQAC નું અલાયદુ યુનિટ સ્થાપવામાં આવ્યું અને ફાળવવામાં આવેલ કુલ ગ્રાન્ટમાંથી કુલ ૩૪૨ પુસ્તકો, સામયિકો અને જર્નલોની ખરીદીથી લાયબ્રેરી વધુ સમૃધ્ધ બની. અધ્યાપક મિત્રોએ પણ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સેમિનાર, કોન્ફરન્સમાં ભાગ લઈ શૈક્ષણિક પાસાને વધુ ઉજ્જવળ બનાવ્યું. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. ના કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓને વધુ સારી સગવડ મળે તે માટે સંસ્થા સતત પ્રયત્નશીલ રહે છે, અલાયદું ભવન અને વાંચન ખંડનાં નિર્માણ થકી વિદ્યાર્થીની એ ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

વિદ્યાર્થી તથા પ્રાધ્યાપકોની જ્ઞાનવૃધ્ધિ માટે સંસ્થા સતત કાર્યશીલ રહે છે. આ વર્ષ ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમીના અનુદાનથી અને યુનિવર્સિટી ના સ્વર્ણિમ ગુજરાત યોજના હેઠળના અનુદાન દ્વારા આપણી કોલેજમાં સંસ્કૃત વિષયના ''संस्कृत साहित्यमें युगबोध'' વિષયક રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું.

આગામી વર્ષ દરમિયાન કોલેજ સાર્વત્રિક સિધ્ધિઓ થકી NAAC ના દ્વિતીય પથ પર પગરણ માંડવા સજ્જ થઈ રહી છે.

योजनानां सहस्त्र तु शनैर्गच्छति पिपीलिका ।
आगच्छन् वैनतयोपि पदमेकं न गच्छति ।।

જો હૈયામાં હામ અને અદમ્ય ઉત્સાહ હોય તો નાનકડી કીડી પણ હજારો યોજનની યાત્રા કરી શકે છે. પરંતુ જેની ઈચ્છાશક્તિ જ નષ્ટ થઈ જાય તે બાજની આકાશમાં ઉડવાની શક્તિ પણ વ્યર્થ છે.

સૌની સંગઠીત શક્તિ, સહકારથી અને પ્રબળ ઈચ્છાશક્તિના યોગથી અમે સૌ અમારા લક્ષ્યાંકો સિધ્ધ કરવા કટિબધ્ધ છીએ.

"When you do things from your soul you
feel a river moving in you, a joy"

-Rumi

# વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ,
# ચીખલી ટ્રસ્ટીમંડળ અને હોદ્દેદારો


| | |
|---|---|
| શ્રી દર્શનભાઈ એ. દેસાઈ | - મેનેજીંગ ટ્રસ્ટી |
| શ્રી અરવિંદભાઈ એમ. દેસાઈ | - ટ્રસ્ટીશ્રી |
| શ્રીમતી સુવર્ણાબેન એ. દેસાઈ | - ટ્રસ્ટી |
| શ્રીમતી સોનલબેન ડી. દેસાઈ | - ટ્રસ્ટી |
| શ્રી જગાભાઈ ગોપાળભાઈ પટેલ | - ટ્રસ્ટી |
| શ્રી ગુલાબભાઈ જીવણજી પટેલ | - ટ્રસ્ટી |
| શ્રીમતી ઝેબુન્નીશા એસ. | - ટ્રસ્ટી |
| શ્રી મહેશભાઈ એ. દેસાઈ | - ટ્રસ્ટી |
| શ્રીમતી ફરીદાબેન એસ. પટેલ | - ટ્રસ્ટી |
| શ્રી સલીમભાઈ એફ. પટેલ | - ટ્રસ્ટી |

# સંભારણું







સ્વ. ગોવિંદભાઈ બીરારી

સ્વ. ડૉ. અભિધાબેન આદેશરા



## અમ હૈયે તમ સ્મરણ ભીનું ભીનું

આંગળિયોની વચ્ચે એના ગૂંજ્યા કરશે પડઘા
હૂંફાળા એ સ્પર્શ ત્વચાથી શ્વાસ જાય કે અળગા
તારીખિયાને કોઈ પાને સૂરજ અટકી નાય
એ કાંઈ જેવી તેવી વાત નથી.

## વિદ્યાર્થીમંડળ : મંત્રીગણ



પટેલ સુરજ દિપકભાઈ
એફ.વાય.બી.એ.
જી.એસ.



સ્નેહલ પી. પટેલ
એસ.વાય.બી.એ.
પ્લાનિંગ મંત્રી



વાંસીયા ડિમ્પલ અજીતસિંહ
ટી.વાય.બી.કોમ.
સાહિત્યસભા મંત્રી



પટેલ હર્ષ હિતેન્દ્રભાઈ
ટી.વાય.બી.કોમ.
સાંસ્કૃતિક મંત્રી



શર્મા જીનલ અનિલભાઈ
ટી.વાય.બી.એ.
નાણાં મંત્રી



લાડ મિતેશ એસ.
એમ.કોમ. ભાગ - ૧
મેગેઝીન મંત્રી



પટેલ અંકિતકુમાર જીતેન્દ્રભાઈ
એમ.કોમ. - ૨
જીમખાના મંત્રી

### વિદ્યાર્થી મંડળની વિવિધ સમિતિઓના ચેરમેનશ્રી :

### વિદ્યાર્થી મંડળના પ્રમુખ : પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઈ

(૧) નાણાં સમિતિ : પ્રા. ડી.એસ.રાઠોડ
(૨) પ્લાનિંગ ફોરમ : પ્રા. વી.એમ.દેસાઈ
(૩) મેગેઝીન સમિતિ : પ્રા. એસ.બી.પટેલ
(૪) સાહિત્ય વાદસભા : પ્રા. દક્ષાબેન પટેલ
(૫) પ્રવાસ સમિતિ : પ્રા. ડૉ. જયમલ એસ. નાયક
(૬) સાંસ્કૃતિક સમિતિ : પ્રા. નયનાબેન કે. નાયક
(૭) જીમખાના સમિતિ : પ્રા. ડૉ. જયમલ એસ.નાયક

## એપ્રિલ - ૨૦૧૫-૨૦૧૬ યુનિ. ની પરીક્ષામાં કોલેજમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ



હળપતિ વૈશાલી આર.
ટી.વાય.બી.એ. ૨૦૧૫
ઈતિહાસમાં યુનિ.પ્રથમ
ગોલ્ડ મેડલ



પટેલ ભૂમિકા એન.
એમ.એ. સમાજશાસ્ત્ર
**B.A.O.U.** ચીખલી



મિસ્ત્રી તેજસકુમાર આર.
એમ.કોમ.



The Fastest Woman
Athelet
of the University

ગાયકવાડ સરિતા એલ.

વ્યક્તિગત ચેમ્પિયન : ૯ ગોલ્ડ મેડલ, ૧ સિલ્વર મેડલ, સપ્તધારા રાજ્યકક્ષાની સ્પર્ધામાં ૨ ગોલ્ડ મેડલ
ખેલ મહાકુંભમાં ૧ સિલ્વર મેડલ, મેરેથોન દોડ સ્પર્ધામાં પ્રથમ



પાટિલ દિક્ષીતા બી.
એમ.કોમ.



પટેલ રવિ એન.
એમ.એ.



શાહ જીનલ એ.
એસ. વાય. બી.કોમ.

## તલાશ

ખોવાયેલાની
તલાશ કરતા કરતા
મને મારી
તલાશ કરવાનું સૂઝે છે.
અસ્તિત્વને વ્યક્તિત્વની
તલાશ કરવા જતા
ઘરનું સરનામું
અને
પોતાના ઘરની પણ
તલાશ શરૂ થાય છે;
ત્યારે
આંખમાં વિશ્વાસના આંસુ હોય
એવી
આંખલડીની પણ
તલાશ છે
પણ
એ તલાશ ક્યારે પૂરી થશે ?

**પૂજા આર. રાજપૂત**
**બી.એ.સેમ. - ૨**

## સ્પર્શ

સૂર્યનો સ્પર્શ ઝાકળને
કે
બને મોતી
શિલ્પીનો સ્પર્શ પથ્થરને
કે
બને ઈશ્વર !
મહાનદ મિલન ઝરણું
ને
કલાચિત્ર રંગ - રેખાઘણી
કે
કાવ્યસંપદા કવિ શબદઉરતણી

**કમલ પટેલ**
**બી.એ. સેમ.૬**

## રંગ

મારા
જીવનમાંથી
રંગ ઊડી ગયો છે.
નીકળી ગયેલા દિવસોની
વેળા પણ
ઝાંખી ઝાંખી
દેખાય છે,
તે
છતાં
મુક્ત મને વિહરતા વિહરતા
સાથીની શોધમાં
ખોવાઈ જાઉં છું.
ત્યારે
- જીવન સંઘર્ષભર્યું લાગે છે
- જીવનમાં જુદાઈની વેળા અકળાવે છે
હું
તો
આ બધાને
ક્યાંથી રોકી શકું ?

**દેવાંગ ત્રિવેદી**
**એમ.એ. સેમ. - ૪**
**સંસ્કૃત**

## રાહ

અહીં
હું
એકલો બેઠો છું
કોઈની રાહ જોઈને...
કોઈ સાથીની રાહ જોઈને...
કોઈ પ્રેમ કરે
કોઈ દિલને શાન્ત કરે
એની પણ
રાહ જોઉં છું.
સૂર્યાસ્તની સાથે આવતી કાલની...
અલ્પ જિંદગીની ગતિની
અને
અંધકારમાં દીપકના અજવાસની
સાથે સાથે
કોઈની રાહ જોઉં છું.
પણ
મારી રાહ ક્યારે ફળશે ?

**દેવાંગ ત્રિવેદી**
**એમ.એ. સેમ. - ૪**
**સંસ્કૃત**

## ગતિ

ત્યારે,
હતી ગતિ પૂર્વની
ને
હતો ઉદયકાળ
હું
ચાલતો આગળ
ને
પડછાયો પાછળ પાછળ
હવે,
છે ગતિ પૂર્વની જ
ને
થયો સંધ્યાકાળ
ચાલે પડછાયો આગળ આગળ
ને
હું ???

**પ્રા. સી.ડી. પટેલ**
**સંસ્કૃત વિભાગ**

## વિદાયટાણે

મળી નોકરી,
માન મળ્યું,
જ્ઞાન મળ્યું,
[illegible]ચરણ પખાળવાને અવકાશ મળ્યો
કલ્લોલતો હું'કાર મળ્યો
ને
શબ્દોનો સંગાથ મળ્યો,
અરે!
પ્રેમનો અઢળક પમરાટ મળ્યો;
જાવાટાણે કોને શું કહું?
સૌનો ભીનો ભીનો સંગાથ મળ્યો

## અવસર

હવે,
આ વર્ગખંડમાં પગલાં નહિ પડે
ને
ફોરમતા વિદ્યાર્થી નહીં મળે
સ્વપ્નવત્ત છે સંસાર
પવન જેમ જાય વહી
સ્મરણોની ખુશ્બૂ રહે ખરી
ચિરંજીવ બની !
પણ...
અવસર ન મળે ઘડી ઘડી.

પ્રા. શંકર પટેલ
ગુજરાતી વિભાગ

# शिवेन कृतं तपपरीक्षणम्

पटेल रवि नरेन्द्रभाई
एम. ए.

आदिदेवत्वेन प्रसिद्धः देवाधिदेवः महादेवः च संस्कृत वाङ्मये वेदकालादारभ्य अद्यापि रुद्रः च शिवः च नटराजः च स्वरुपे आलेख्यते।

संस्कृतसाहित्यस्य अनेकानि स्वरुपाणि सन्ति। नाटकः महाकाव्यः, कथा, खण्डकथा, लघुकथा, परिकथा, आख्यायिका इत्यादयः। एतेषु साहित्यस्वरुपेषु मंगलश्लोके कदाचित् वा प्रधानपात्रः स्वरुपेऽपि कविभिः कृतं शिवस्य वर्णनं वर्तते। प्रायेणः कवयः रचनारम्भे इष्टदेवस्य च वाग्देवताश्च आराधनं कुर्वन्ति। एकेन अध्ययनेन ज्ञातुं शक्यते यत् संस्कृतसाहित्यस्य बहुषु रचनाषु मंगलाचरणे शिवस्य स्तुतिः वर्तते। शिवगुणेन आकृष्टाः बहवः कवयः शिवोपासकाः असन्। अद्यापि सन्ति।

यत्र भगवतः शिवस्य प्राधान्यं वर्तते ताः कृतयः शिवमहिम्नस्तोत्रं, लिङ्गष्टकं, शिवापराधक्षमापनस्तोत्रं, शिवस्तोत्रं, शिवमानसपूजा, शिवषडाक्षरस्तोत्रं, शिवपंचाक्षरस्तोत्रं, विल्वाष्टकं, कुमारसम्भवं, किरातार्जुनीयं इत्यादयः। महाकविकालिदास विरचितं कुमारसम्भवं च भारविप्रणितं किरातार्जुनीयं च। एतयोः महाकाव्ययोः शिवः क्रमेण पार्वत्याः तथा च अर्जुनस्य तपपरीक्षणं करोति। तपपरीक्षणे कीदृशं नावीन्यं एतद् विषये शोधपत्रे मया आख्यायते।

यो जनः येन प्रकारेण, यम् पदार्थम् इच्छित्वा इष्टदेवस्य आराधनं करोति। इष्टदेवः तथैव तं ददाति। श्रीमद् भगवद् गीतायाम् श्रीकृष्णः कथयति।

''ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्। (श्रीमद् भगवद गीता - ४.११)''

कुमारसम्भवे शिवः स्वां पतिरुपेण प्राप्तुं तपश्चर्या कृतवत्याः पार्वत्याः पुरतः ब्रह्मचारिन् ब्राह्मणः स्वरुपे उपस्थितः भवति। तथा किरातार्जुनीये विजयस्य कामना कर्तुः अर्जुनस्य पुरतः सः किरात स्वरुपे आगत्वा युद्धेन तस्य तपरीक्षणं करोति च।

शिवेन कृतं तपपरीक्षणं लाघवकविकालिदासः कुमारसम्भवे एकस्मिन् एव सर्गे निरुपयति। भारविः अपि किरातार्जुनीये अष्टसर्गेषु निरुपणं करोति।

कुमारसम्भवे कालिदासः तपनिमग्नाः पार्वत्याः पुरतः ब्रह्मचारिन् ब्राह्मणः स्वरुपे उपस्थितशिवस्य वर्णनं करोति।

''अथाऽजिनाषाढधरः प्रगलभवाग्ज्वलन्निव ब्रह्ममयेन तेजसा।
विवेश कंचिज्जटिलस्तपोवनं शरीरबद्धः प्रथमाश्रमो यथा।।'' (कु.सं. ५-३०)

किरातार्जुनीये अर्जुनस्य पुरतः किरातरुपेण उपस्थितशिवस्य वर्णनं भारविः त्रिषु श्लोकेषु करोति।

''इति तानुदारमनुनीय विषमहरिचन्दनालिना।
धर्मजनितपुलकेन लसद्गजमौक्तिकावलिगुणेन वक्षसा।।'' (किरात. १२-४०)

''वदनेन पुष्पितलतान्तनियमितविलम्बिमौलिना।
बिभ्रदरुणनयनेन रुचं शिखिपिच्छलाच्छितकपोलभित्तिना।।'' (किरात. १२-४१)

''वृहदुद्वहंजलदनादि धनुरुपहिततैकमार्गणम्।
मेघनिचय इव संववृते रुचिरः किरातपृतनापतिः शिवः।।'' (किरात . १२-४२)

भारविना कृतं किरातस्वरुपस्य एतद् वर्णनं शुक्लयजुर्वेदस्य षोडशाध्याये - रुद्राध्याये वर्णितं रुद्रदेवस्य सदृश प्रतीयते।

''अवतत्य धनुष्टव सहस्राक्ष शतेषुधे।
निशीर्य शल्यानां मुखा शिवो नः सुमना भव।।'' (शुक्लयजु १६-१३)

कुमारसम्भवे पतिपत्नी भावः वर्तते। किरातार्जुनीय पितापुत्र भावः वर्तते। कुमारसम्भवे शिवः पार्वत्या पुरतः

ब्रह्मचारिन् ब्राह्मणः स्वरुपे आगत्य तस्य सौदर्यस्य प्रशंसा करोति। आत्मनिंदा करोति च। शिवः पार्वत्याः मनोरथं जानाति। किन्तु पार्वती यत् एषः शिवः। किरातार्जुनीये अर्जुनस्य बलपरीक्षितुं शिवः तस्योपरि प्रहारम् करोति। यथा पिता पुत्रस्य गुणानाम् तथा शिवः अर्जुनस्य वीरत्वपरीक्षणं करोति। यथा गुरु शिक्षाकाले शिष्यस्य प्रहारं सहति तथैव शिवः अर्जुनस्य प्रहारं सहतिः रुधिरं वहति। किन्तु किंचिदपि व्यथा नास्ति। भारविः लिखति।

''तस्मै हि भारोद्धरणे समर्थ प्रदास्यता बाहुमिव प्रतापम्।
चिरं विषेहेऽभिभवस्तदानीं स कारणानामपि कारणेन।।'' (किरात. १७-१४)

भक्तवत्सलः शिवः अजुनं प्रति कठोरं द्रश्यते। किन्तु ह्रदये मृदुः अस्ति। भारविः कथयति।

''अनामृशन्तः कृचिदेव मर्म प्रियैषिणाऽनुप्रहिताः शिवेन।
सुहृतप्रयुक्ता इव नर्मवादाः शरा मुनेः प्रीतिकरा बभूवुः।।'' (किरात. १७-३३)

अर्जुनस्य मुष्टिप्रहारं सहनकर्तुः शिवस्य वर्णनम् -

''अभिलषतः उपायं विक्रमं कीर्तिलक्ष्योरमररिसैन्यैरकमभ्यागतस्य।
जनक इव शिशुत्वे सुप्रियस्यैकसूनो-रविनयमिपिसेहे पाण्डवस्य स्मरारिः।।'' (किरात १७-६४)

भक्तस्य शुभचिन्तकः शिवः वज्रादपि कठोरं कुसुमादपि मृदुः। कुमारसम्भवे पार्वत्याः तपपरीक्षणं, सा सुकुमारा, अपर्णाभूत्वा यदा मरणासन्न भवति तदा शिवः तस्याः प्रेमपरीक्षणमं करोति। तत्र शिवः सौम्यः शांतः स्वयं प्रेमरुप् द्दश्यते।

किरातार्जुनीयमे तपपरीक्षणे अर्जुनं प्रति कठोरः द्दश्यतेः द्वन्द्वयुद्धे नाना प्रहारविधिना शिवः अर्जुनस्य शौर्यस्य, वीरत्वस्य च परीक्षणम् कृत्वा शिष्याय पराजयते।

परीक्षायाः अन्ते शिवः मूलस्वरुपे दर्शनम् ददाति। तदा भक्तस्य अवस्था कीद्दशी भवति तद् कालिदासः भारविश्च वर्णयतः। कुमारसम्भवे कालिदासः पार्वत्याः पुरतः मूलस्वररुपे उपस्थितः शिवस्य वर्णनम् करोति।

''इतो गमिष्याम्यथवेति वादिनी
चचाल बाला स्तनभिन्नवल्कला।
स्वरुपमास्थाय च तां कृतस्मितः
समाललम्बे वृषराजकेतनः।।'' (कु.स. ५-८४)

शिवस्य दर्शनेन पार्वत्याः दशा -

''तं वीक्ष्य वेपथुमती सरसाऽयष्टि
निक्षेपणाय पदमुद्धतमुद्वहन्ती।
मार्गाचलव्यतिकराऽऽकुकितेव सिन्धुः
शैलाऽधिराजतनया न ययौ न तस्थौ।।'' (कु.सं. ५-८६)

किरातार्जुनीये अर्जुनेन सह युध्यमानो शिवः आकाशे परिप्लुत्वा निचैः आगच्छति। तदा अर्जुनेन तस्य पादौ स्वकराभ्याम् जग्राह। शिवः तस्य पादग्रहणकर्मेण च तस्य धैर्येण अपि च प्रसन्नं भूत्वा मूलस्वरुपे दर्शनम् ददाति। भारविः लिखति।

''अथ हिमशुचिभस्मभूषितं शिरसी विराजातमिन्दुलेखया।
स्ववपुरतिमनोहरं हरं दधतमुदीक्ष्य नाम पाण्डवः।।'' (किरात. १८-१५)

कुमारसम्भवे शिवः पार्वत्याः हस्तगहणं करोति। तत्र पतिपत्नी भावः द्दश्यते। किरातार्जुनीये अर्जुनः शिवस्य चरणौ पतति। शिवः तम् इच्छितं ददातिः तत्र पितापुत्रभावः द्दश्यते कुमार सम्भवे भर्तुः च किरातार्जुनीये पुत्रस्य च कर्तव्यमपपि द्दश्यते।

इष्टदेवस्य दर्शनेन भक्तस्य तपजनितः कलेशः दूरम् भवति। कालिदासः कुमारसम्भवस्य पंचमसर्गस्य अन्तिमश्लोके लिखति-

''अह्नाय सा नियमजं क्लममुत्ससर्ज

क्लेशः फलेन हि पुनर्नवतां विद्यते ।।'' (कु.सं. ५-८६)

किरातार्जुनीये भारविरपि लिखति -

''तपसि कृतफले फलज्यायसी स्तुतिरिति जगदे हरेः सूनुना ।।'' (किरात १८-२१)

वरदशिवस्य शब्दाः क्रमेण कुमारसम्भवे च किरातार्जुनीये च -

''अद्य प्रभुत्यवनताङि ! तवास्मि दासः क्रीतस्तपोभिः'' (कु.स. ५-८६)

''व्रज, जय रिपुलोकं'' (किरात १८-४८)

पार्वती शिवपुत्रं कार्तिकेयं प्राप्त्वा देवकार्यं करोति । विना शंकरात पार्वती किंचिदपि नास्ति । विना शिवात् जीवस्य अस्तित्वं नास्ति । विना तपवलात रुपमपि निष्फलं अस्ति । तप्त्वा प्राप्तेः श्रेयः तथा च प्रेयः जगत्कल्याणरुपः वर्तते ।

शिवः यथा प्रेमरुपः तथा वीरत्वप्रतीकरुपः अस्ति । अधर्मस्य विनाशाय, जगतकल्याणकामाय शस्त्रास्त्ररुपेण शिवस्य कृपा आवश्यकी । विना धैर्यात्, बलात्, शौर्यात् तपः तथा च युद्धं अपि न संभवति । यत्र अर्जुनः तत्र जयः तत्र तपः तत्र शिवः ।





## सफल जीवन के मंत्र

**भोया सेजलबेन नरोत्तमभाई**

**एम. ए.**

हर मनुष्य अपने जीवन में सुख - शांति एवं सफलता चाहता है। इनको पाने का उपाय शिक्षा है। शिक्षा में ऐसी कौनसी त्रुटि रह गई है? हमे लगता है की हमारी शिक्षा ने हमे सही रुप से मनुष्य नही बनाया। मनुष्य को छोडकर इस संसार के सभी प्राणी प्राय: अपना जीवन ...पूर्ण अंधाधुन और अज्ञान मय ढंग से व्यतीत कर देते है। फिर भी क्या हम अन्य सभी प्राणियों में श्रेष्ठ है? सही अर्थ में जीना शीखे तभी हम मनुष्य कहलाने योग्य होते है

**आज जीवन जीने की कला के कुछ रहस्यो को जानेंगे :**

- **जीवन जीने का प्रथम मंत्र है -**

दूसरों के सुख-दु:ख में सच्चे दिल से सहभागी हो। जो लोग अपने सगे-संवंधी और दोस्तों के सुख-दु:ख में सहभागी नहीं होते उनके जीवन में बडी तकलीफे आती है। हम सदा अपने ही सुख-दु:ख में मग्न होते है, दूसरों से हमे कोई वास्ता नहि होता। हमे दूसरों के जीवन की पीडा में सहानुभूति के साथ पेश आना चाहिए।

- **जीवन का दूसरा मूल्यवान मंत्र है -**

किसी से वाद-विवाद न करें। वाद-विवाद मे सामने वाले के तर्कों को काटकर अपनी बात को सच्ची सिद्ध करने का आनंद आपको अवश्य मिलेगा। दूसरे को नीचा दिखाकर आप उसकी ओर से प्राप्त प्यार, आदर सहानुभूति गँवा बैठेंगे।

- **सफल जीवन का तीसरा मंत्र है -**

अपनी गलती को स्वीकार कर लो, अन्य की गलती को युक्तिपूर्वक बताईये।

मनुष्य सामाजिक प्राणी है, समाज में उसे हर प्रकार के लोगों के साथ मिलना जुलना रहता है। अगर कोई खुद से गलती हो तो उसे स्वीकार कर लेना चाहिए। इसमें उसका बडप्पन ही होगा, स्वाभिमान उँचा होगा।

- **जीवन जीने का चोथा मंत्र है -**

केवल अपनी बात पर अडग न रहकर दुसरों के द्रष्टिकोण भी समझना चाहिए। निराभिमानी और सच्चे लोग ऐसा सोचते है कि मैं उसके स्थान पर होता तो मैं कैसा सलूक करता? अपेक्षित परिणाम न आने पर किसी को डांटने से पहले उसकी नजर से बात को देखना चाहिए।

- **जीवन जीने का पांचवां मंत्र है -**

किसी पर हुकम चलाने की बजाय मानपूर्वक व्यवहार किजिए।

मनुष्य को एकदूसरे मनुष्य के साथ ऐसा व्यवहार करना चाहिए जो खुद के साथ हो तो उसे कैसा लगेगा? इसलिए सिकंदर ने ...जिसने पूछा कि तुम्हारे साथ कैसा व्यवहार किया जाए? तब पुरु राजाने कहा कि एक राजा दूसरे राजा के साथ जैसा व्यवहार करता है।

- **जीवन जीने का छठां मंत्र है -**

क्रोध और झगडे से दूर रहोझगडे से घर संसार में कडवाहट पेदा होती है । उसके लिए मौन ही परम उपाय है। टोलस्टाय, ... जैसे महापुरुषो के जीवन में भी झगडालु पत्नी के कारण बडी परेशानियाँ थी।

- **जीवन जीने का सातवां मंत्र है -**

शंका कुशंका न करे। शंकाशील स्वभाव घर की सुख-शाति छिन लेता है। बात-बात में शंका करना ठीक नहि। बेटी ... भी उन पर शंका करने जैसी बातों पर झगडा करने से दु:ख के सिवा कुछ न मिलेगा

इस प्रकार उत्तम जीवन के इन नियमों का पालन करना चाहिए। एकता और भाईचारे से जीवन सुखमय बनता है।

# देशभक्ति एवम् राष्ट्रनिर्माण

**पटेल तनुजाबेन बी.**
**एम. ए. - हिन्दी**

देश की उन्नति से ही राष्ट्र का निर्माण होता है। देशभक्ति का संबंध हमारी राष्ट्रीयता से होता है। राष्ट्रनिर्माळ का संबं हमारी सांस्कृतिक विरासत एवम् सांस्कृतिक विचारधारासे होता है। आजके समय में देशवासीयों की देशभक्ति एक चूनौती बनी हुई दिखाई दे है। आज के समयमें देशका हरेक नागरिक हमारी देशभक्ति को भूलता जा रहा है।

युवा पीढि किसी भी राष्ट्र का आधार होती है। जिस तरह से कोई भी भवन बिना नींव के नहीं टिक सकता, उसी तरह से कोई भी राष्ट्र युवा शक्ति के बिना प्रगति नहि कर सकता। युवा पीढि वह शक्ति हैजो हमारे देशको महाशक्ति बना सकती है, आज जिस तरह से देश के हालात बने है, राजनीति पार्टियों यह चिंतनीय है में भ्रष्टाचार और आतंक का वातावरण है, जिस प्रकार से राजनीतिज्ञ अपने निजहित के चलते देशकी जडो को खोखला कर रहे है,

वर्तमान युगमें जब देशवासी देशभक्त को ही भूल जायेंगे तो राष्ट्रका निर्माण कैसे होगा? वर्तमान युगमें ज्यादातर लोग य सोचते है की राष्ट्रीय पर्व जैसे की १५ ओगष्ट, २६ जनवरी जैसे त्यौहार वह सिर्फ नेता, अभिनेता, स्कूल या कोलेज के विद्यार्थीओं के त्यौहार नही है। अगर यह सोच देशवाही अपने साथ लेकर चलेंगे, तो वही सोच भविष्यमें हमारे राष्ट्र को बहुत नुकसान पहुंचा सकती है। देशभक्ति और राष्ट्रका निर्माण करने के लिए देशवासियों की सोच को बदलना होगा। वर्तमान समाज देश के प्रति अपना कर्तव्य भूलता जा रहा है।

वर्तमान समयमें युवाओ में नशावृत्ति बढ रही हैं, वे गलत संगत में आकर अपने रास्ते से भटक रहे है, जो राष्ट्र के लिए बे घातक है, अपने स्वार्थो को पूरा करने के लिए युवा शक्ति का मानस बदलने वाले गद्दारों से युवाओं को सावधान रहते हुए शिक्षाके क्षेत्र में प्रगति करनी चाहिए । ताकि वे देश के लिए कुछ कर सके। युवा आगे बढे, भारत की सेवा का संकल्प धारण करते हुए देशकी तरफ गिध्धद्रष्टि लगा बेठे नापाक लोगों को मुँहतोड जवाब देना शीखें और देशमें आपसी भातृभाव बढाएँ।

वर्तमान समयके भारतमें अलग अलग विचारधाराके लोग हमारी युवाधन को गुमराह करके आतंकवादीतक बना देते है भारत की लगभग ६६ फीसदी आबादी युवा हैं, युवा भारत के कंधो की ताकात को देखते हुए यह कहा जा सकता है की आज बेशक अमेरिका महाशक्ति है लेकिन भारत को विश्वशक्ति बनने से दुनिया की कोई ताकत रोक नहीं सकती।

हमारे देशके नेताओने कहा है - हमने स्वतंत्रता के जो बीज को वोया है, उसे पानी पीलाके स्वराजको सुंदर वृक्ष बनाना है जो चारित्र्यसे ही बडा हो पायेगा। भारत हमारा देश है, वह सिर्फ एक वाक्य नहि है। भारत देशके नागरिक होने के नाते राष्ट्रद्रोह राष्ट्र गौरव का घातक है। देश और दुनियामें भारतवर्ष की सांस्कृतिक राजकीय, धार्मिक छबी को कलंकित करने की कुचेष्टा आज हो रही है।

वर्तमान युगमें सभी लोग अपना स्वार्थ सिध्ध करने के लिए किसी भी हद तक जा सकते है। सरकारके सामने अपनी मांगे पू न होने पर हडतालकी घोषणा करते है। तब हमारे ही देश के नागरिक उनकी मांगे पूर्ण न होने पर राष्ट्रकी सपत्ति बस, ट्रेन एवं राष्ट्रीय संपत्ति को नुकसान पहुंचाते है। वर्तमान समय में इस सोच की बडी जरुरत है की जिस राष्ट्रकि संपत्ति को नुकसान कर रहे है वह हमारे ही राष्ट्र की संपत्ति है राष्ट्रनिर्माण वह हमारी ही सांस्कृतिक विरासत एवमं मूल्यो को साथ लेकर चलनेवाली विचारधारा है। कितनी मुश्किलों के बाद १५ अगस्त १९४७ को भारत आजाद हुआ। हमारे देश में खुशि की लहर फैल गई। लोकमान्य तिलक की प्रतिज्ञा पूरी हुई। गांधीजी का स्वप्न साकार हुआ। सदियों के बाद भारत को अंग्रेजों की गुलामी से छुटकारा मिला। इसलिए १५ अगस्त को हम स्वतंत्रता दिवस के रुपमें मनाते है। यह हमारा राष्ट्रीय त्यौहार है। हम इस त्यौहार को मनाकर अपने राष्ट्र की स्वातंत्रता की रक्षा के लिए संकल्प कर सकते है। इससे राष्ट्र की एकता ऊौर अखंडता को बल मिलता है। यह सब सोच को साथ लेकर चलेंगे तो हम सब देशवासी मिलकर राष्ट्रका निर्माण कर सकते है।

राष्ट्रनिर्माण यह हमारी सांस्कृतिक विरासत एवमं मूल्यो को साथ लेकर चलनेवाली विचारधारा है। सांस्कृतिक विरासत

[illegible] इन राष्ट्रकी उदात भावनाएँ एवम् मूल्यों को एक पीढि से दूसरी पीढि तक पहुंचाते या पहुंचा सकते है। और ऐसे ही राष्ट्रनिर्माता स्वामी [illegible] ने अपने विचार, मूल्यों एवं आदर्श को अपने देशमें फैलाया है, देश विदेशतक उनकी विचारधारा प्रसिध्ध हुई है।

उनका एक जीवन मंत्र है -

उठो, जागो और ध्येय प्राप्ति तक ना रुको।

ऐसि सोच की वर्तमान में वडी जरुरत है। महात्मा गांधी जैसी देशभक्ति और स्वामी विवेकानंद जैसी सांस्कृतिक [illegible]की विरासत से ही वर्तमान समाज सच्चा देशभक्त बनकर अच्छे राष्ट्रका निर्माण कर सकता है।



ઉદિશા સેલ

# કોલેજકાળનાં સંસ્મરણો

ભાવિની એ. પટેલ
ટી.બી.એ. ગુજરાતી

કોલેજકાળ એ જીવનનો સુવર્ણકાળ કહેવાય છે. મારા માટે પણ કોલેજના અનુભવો સ્મરણીય બન રહ્યા છે. એ દિવસો જીવનમાં ક્યારેય ભૂલી શકાય એમ નથી. કોલેજમાં પ્રવેશ સમયે અકલ્પનીય આનંદની અનુભૂ થઈ. નવું વાતાવરણ, નવા મિત્રો, નવા અધ્યાપકો સાથે અનેરો ઉત્સાહ, આજે પણ એ દિવસોની યાદ હૃદયને પુલકિ કરે છે.

અમારી કોલેજના પ્રેમાળ અધ્યાપકોએ અમારી અનેક મૂંઝવણોને દૂર કરી અમને અમારા અભ્યાસન વિષયથી જ્ઞાત કર્યા. તેમની પાસેથી વિષયના જ્ઞાનની સાથે સાથે સંસ્કાર અને શિસ્તના પાઠ ભણતાં ભણતાં ત્રણ વ ક્યાં પૂરા થયા તેની ખબર પણ ન પડી. અભ્યાસ સાથે મોજ મસ્તી કરવાનો આનંદ અમે લીધો છે. ચાલુ લેકચરે વાત કરવી, અધ્યાપકનું ગુસ્સે થવું અને વિદ્યાર્થીઓનું હાસ્ય જેવા પ્રસંગો હજી સ્મૃતિ પટ પર રમે છે. વર્ગખંડની બેંચો પણ અમારા હાસ્યની સાક્ષી બની છે. ક્યારેક લેકચરમાંથી ગુલ્લી મારી રમતનાં મેદાન પર કે ગાર્ડનમાં બેસી મિત્રો સા ટોળટપ્પા મારી મઝા કરતાં તે તો કેમ ભૂલાય ?

કોલેજના બધા જ વિદ્યાર્થીઓ પરિવારના સભ્ય જેવા લાગતા. ફ્રિ પિરિયડ દરમિયાન કોલેન લાયબ્રેરીની મુલાકાત લઈ વર્તમાનપત્રો અને સામયિકો વાંચતા. કોલેજમાં જુદા જુદા તહેવારોની ઉજવણી ઉમંગભે થતી. અભ્યાસેત્તર પ્રવૃત્તિઓનું આયોજન થતું. એન.એસ.એસ. અને એન.સી.સી. દ્વારા અનેક કાર્યક્રમો યોજાતા પરેડ જોવાની ખૂબ મજા આવતી. કોલેજ કાળ દરમિયાન અમારું ઘડતર થયું. કોલેજ સાથે એક પ્રકારનો લાગણીન નાતો બંધાઈ ગયો.

ઘણી વખત બીજી કોલેજના મારા મિત્રો સાથે અમે કોલેજની વાતો કરતાં ત્યારે હું ગર્વ અનુભવતી મારી કોલેજમાં પૂરતા અધ્યાપકો છે. તેઓ નિયમિત, નિષ્ઠાપૂર્વક, અંગત રસ લઈ વિદ્યાર્થીઓને પ્રેમપૂર્વક ભણાવે છે મારી કોલેજમાં ઈતર પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક, સાહિત્યિક કાર્યક્રમો અવારનવર થતા રહે છે. અહીં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વચ્ચે સતત આત્મીયતા વર્તાય છે. પરીક્ષા નજીક હોય ત્યારે વર્ગખંડમાં અને બહાર પરીક્ષાની ચર્ચા ચાલે છે વાંચન સાથે ચર્ચા કરતા વિષયને અમે વધારે સારી રીતે યાદ રાખી શકતા.

કોલેજ જીવન દ્વારા અમારા વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થયો છે. જીવનમાં આગળ વધવાની પ્રેરણ અને લક્ષ્યને પ્રાપ્ત કરવાની તમન્ના અહીં જ પ્રગટ થઈ છે. એક સમયે આપણા સમાજમાં કન્યા માટે કોલેજનો અભ્યાસ માન્ય ન હતો. પરંતુ આજે સમય બદલાયો છે. છોકરા કરતાં આજે કોલેજમાં છોકરીઓની સંખ્યા વધુ જોવા મળે છે. કોલેજકાળમાં વિવિધ વિષયોનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત થાય છે. 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર' એ દરેક કોલેજિયનનો મુદ્રાલેખ હોવો જોઈએ. એ સમજ મારામાં કેળવાતી ગઈ. મારા કોલેજકાળના ત્રણ વર્ષો જોતજોતામાં ક્યાં પૂરા થઈ ગયા એનો સહેજે ખ્યાલ ન આવ્યો. અમારી કોલેજનું વાતાવરણ ખૂબ જ આહલાદક અને રમણીય છે. મારા કોલેજ જીવનનાં સંસ્મરણો યાદગાર બની રહ્યાં છે. હું એને ક્યારે પણ ભૂલી શકું એમ નથી.

# નારી સશક્તિકરણ

તેજસ મિસ્ત્રી
એમ.કોમ. સેમ. - ૪

''यत्र नार्यस्तु पूज्यते रमन्ते तत्र देवता:''

અર્થાત્ જ્યાં નારીઓ પૂજાય છે, ત્યાં દેવતાઓ નિવાસ કરે છે.

એક વેદમંત્રમાં પણ કહેવાયું છે કે, હે સ્ત્રી, તું અજેય છે, તું વિજેતા છે, તું શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરનાર, તું હજારો પ્રકારના પરાક્રમ દાખવી શકે છે એટલે તું સહસ્ત્રવીર્યા છે. તું મને શક્તિ પ્રદાન કર. આપણા શાસ્ત્રો મહિલાની આદર કથાઓ અને સશક્તિકરણ કથાઓથી ભરેલાં છે. ભારતીય ધર્મ અને સંસ્કૃતિએ નારીનો દરજ્જો નરવી ઊંચો માન્યો છે. માતૃદેવો ભવ:, પિતૃદેવો ભવ:, આચાર્યદેવો ભવ:, માતાનું સ્થાન પહેલું મૂક્યું છે.

એકવીસમી સદીમાં વિશ્વમાં રાજકીય, રમત-ગમત, વેપારવાણિજ્ય, ખેતી, સહકારી અને ખાનગી કોર્પોરેટ જેવાં અલગ અલગ ક્ષેત્રોમાં મહિલાઓને જ્યાં તક સાંપડી છે ત્યાં વિકાસની હરણફાળ ભરી પુરુષ સમોવડી બની છે. પોતાના સામર્થ્યને ચરિતાર્થ કર્યું છે. ગાંધીજીએ કહ્યું છે કે સ્ત્રી અને પુરુષ એક જ દરજ્જાના છે. એક જ નથી તે અપૂર્વ જોડી છે. એકબીજાની પૂરણી છે અને બંને અરસપરસ ટેકારૂપ છે. તે એટલે સુધી કે એકને અભાવે બીજાનો સંભવ જ નથી. અહીં હરિફાઈની નહીં સમાનતાની વાત છે.

પરિવર્તનના વૈશ્વિક માહોલમાં દરેક સમાજે વિકાસ સાધવો હશે તો મહિલાઓને સમાનતાનો દરજ્જો આપવો પડશે. કહેવાય છે કે, વિશ્વકલ્યાણ માટે મહિલાઓની પરિસ્થિતિ જ્યાં સુધી સુધરશે નહિ ત્યાં સુધી વિકાસની કોઈ તક મળી શકે નહિ. કોઈ પણ પંખીને એક પાંખથી ઊડવું અશક્ય બની જતું હોય છે. મહિલા સશક્તિકરણ સમાજ, રાજ્ય, દેશ કે સરકારની જ ચિંતાનો વિષય નથી, પરંતુ તે સમગ્ર માનવ સમુદાયની ચિંતા અને ચિંતનનો વિષય છે. જેમ અડધા શરીરને લકવો થઈ જવાથી જે દુર્દશા શરીરની થાય છે તેવી જ આપણા સમાજની થઈ જાય.

નારી સમાજનું અડધું અંગ છે. તે જો નિર્બળ રહે તો ! નારી સશક્તિકરણ માનવતાનું સશક્તિકરણ છે. દરેક વિચારશીલ વ્યક્તિનું કર્તવ્ય છે કે, પોતાના સમાજના અડધા અંગની મૂર્છાને દૂર કરવાનો પ્રયત્ન કરવો જ જોઈએ. આપણે પ્રાણવાન બનવા માંગતા હોઈએ અને સમાજને પ્રાણવાન બનાવવાની મનમાં અદમ્ય ઈચ્છા હોય તો સ્ત્રી - પુરુષ બંનેનું સાચા અર્થમાં સશક્તિકરણ થવું ખૂબ જરૂરી છે.

એક પ્રશ્ન તો એ પણ છે કે, દુનિયાની અડધોઅડધ વસ્તી, સ્ત્રીઓની હોવા છતાં, સ્ત્રી કોઈ બાબતે પુરુષથી ઊતરતી ન હોવા છતાં કેમ હજુ આજે એના માટે બૈરું કે અબળા જેવા તુચ્છકારવાચક શબ્દો વપરાય છે ? કેમ વાતેવાતે તું છાનીમાની બેસ તને શું સમજ પડે ? એવું એને સાંભળવું પડે છે ? કેમ એને કાયમ "Women" તરીકે જ જોવા મળે છે. અને Human તરીકે વ્યક્તિ તરીકે એના અસ્તિત્વને કેમ કદી સ્વીકારવામાં નથી આવતું ? એ વિચારવું જ રહ્યું.

રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે, દેશને આપણે માતૃભૂમિ કહીએ છીએ, પરંતુ દેશની નારીમૂર્તિનો મહિમા જો તેની બુધ્ધિશક્તિ તથા કર્તવ્યજ્ઞાનની ઉદારતાથી આપણે જો સ્ત્રીઓને પૂરેપૂરા સરળ ભાવે નહીં નિહાળીએ, આપણા જ ઘરોમાં જો આપણે દુર્બળતા, સંકુચિતતા અને અપક્વતા જોતા હોઈએ તો કદી પણ આપણે દેશનું સાચું દર્શન પામી શકવાના નથી.

મહિલા સશક્તિકરણ માટે દર વર્ષે ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા સશક્તિકરણ દિનની ઉજવણી

કરવામાં આવે છે. જે મહિલાઓ માટે સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિવર્તન, વિવિધ પ્રકારના શોષણોમાંથી મુક્ત થવાનો અને સ્ત્રી શ્રમિકોની એકતા ટકાવી રાખવા માટે તેમ જ વિશ્વશાંતિ અને પર્યાવરણનું જતન થાય તેવો ઉમદા દૃષ્ટિકોણ રાખવામાં આવ્યો છે. અને તે દ્વારા મહિલાઓને સર્વક્ષેત્ર સમાન અધિકાર આપી, મહિલાઓને જાગ્રત થઈ સક્રિય થવા અનુરોધ કરવામાં આવે છે.

દેશને, સમાજને વિકાસના રાહ ઉપર લઈ જવા નારીશક્તિનું સન્માન થવું જ જોઈએ. જે ધર્મ કે સંપ્રદાય સ્ત્રીને અવગણે એનો સ્ત્રીઓએ પણ બહિષ્કાર કરવો જ જોઈએ. આપણા દેશની સંસ્કૃતિએ સ્ત્રીના દરેક રૂપનું - મા - દીકરી - કે બહેન પત્નીનું માહાત્મ્ય સ્વીકાર્યું જ છે. આપણી સંસ્કૃતિએ એને કદી અબળા નથી માની, ઊતરતી નથી માની. જરૂરત છે એક માત્ર આ દિશામાં માનસિકતા બદલવાની..

## કાર્યશિબિર





**આથમતો સૂર્ય અપણા જીવનનો એક ટૂકડો લઈને આથમે છે.**

- વિનોબા ભાવે

પ્રા. દક્ષાબેન પટેલ
હિન્દી વિભાગ

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

જેનાં મન, હૃદય અને આંખ - કાનનાં બારી - બારણાં ખૂલ્લાં હોય માત્ર શાળા કે કોલેજની દીવાલો સુધી જ નહિ પરંતુ પોતાની આસપાસ, બસસ્ટેન્ડ, સ્ટેશન કે ગલી - મહોલ્લામાં ઘટનારી ઘટનાઓથી પણ જે બોધપાઠ ગ્રહણ કરી શકે. એટલું જ નહીં આ પ્રકૃતિદત્ત બારી - બારણાંઓને ક્યારે, ક્યાં બંધ રાખવાં એનો પણ જેને વિવેક હોય એ જ શીખી શકે. જે શીખે છે, વિદ્યા મેળવે તે વિદ્યાર્થી છે.

યુવાવસ્થા ને મનુષ્યજીવનનું સારતત્વ કહી શકાય. માનવ શરીરની અવસ્થાઓનો આ એવો સમયગાળો છે જેમાં શરીર અને મન બંને દુરસ્ત - સ્વસ્થ હોય છે તેથી મન જે સ્વપ્ન જુએ છે એને સાર્થક કરવાની શક્તિ શરીરમાં હોય છે.

શૈશવ અને કિશોરાવસ્થામાં મનુષ્ય સ્વાભાવિક જ સ્વપ્નશીલ હોય છે. પ્રકૃતિએ મનુષ્યને કર્મ કરવાની સ્વતંત્રતા આપી છે. આપણે જ્યાં છીએ ત્યાંથી શરૂઆત કરી શકીએ છીએ. પોતાને મળેલી પશ્ચાદ-ભૂ કે પરિસ્થિતિઓ અંગે ફરિયાદ ન કરતા એનો ઉપયોગ કરી આગળ વધી શકાય છે. તીવ્ર ઈચ્છાશક્તિ સાથે ક્રિયાશક્તિ - પરિશ્રમને જોડવું જરૂરી છે. સાથે સાથે ઈશ્વર કહો કે પ્રકૃતિ એની કૃપા માટે પ્રાર્થના પણ કરીએ તો ધાર્યું પરિણામ આવી શકે.

જેવું વિચારીશું એવું જ જીવન ઘડાશે. તેથી વિચાર હંમેશા ઉચ્ચ રાખીએ. વડીલો કહેતા કે નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન. ગુજરાતીનાં કવિ કહે છે : જેણે સપના વાવ્યાં, તેને તો ભાઈ આ દુનિયાએ ખરાખરીનાં ખાધાં, તેથી મિત્રો, કેવળ સ્વપ્નો જોવાં એ પૂરતું નથી. સ્વપ્નો જોઈએ પરંતુ કિંમત ચૂકવવાની તત્પરતા ન હોય, તકલીફોની તેયારી ન હોય, મહેનત નહિ કરીએ તો વાર્તાના શેખચલ્લીનું બિરુદ પામીએ.

સ્વાધ્યાય માર્ગના પ્રણેતા શ્રી પાંડુરંગશાસ્ત્રી આઠવલેજીનો ગીતા સંદેશ છે :

''કર્યા વગર કાંઈ મળતું નથી
કરેલું ફોગટ જતું નથી
કામ કરતો જા
હાક મારતો જા
મદદ તૈયાર છે.''

આ સંદેશામાં શ્રીમદ્ ભગવત્ ગીતાના કર્મયોગનો સારાંશ આવી જાય છે. જે સ્વપ્નો જોયાં છે એને ફલિત કરવાની દિશામાં કાર્ય કરો અને હાક મારો. કોને ? મિત્રો, આ જગતની નિયામિકા શક્તિ જરૂર છે. એને નામ ગમે તે આપો. એને કદાચ જોઈ ન શકાય અનુભવી જરૂર શકાય છે. એને હાક મારવાની એ દૂર નથી. ખૂબ નજીક તમારી, આપણી અંદર જ છે, અને બહાર સર્વત્ર છે.એ સાંભળે છે. બધું જાણે છે. તમને - આપણને મદદ કરવા તત્પર રહે છે જ. શ્રદ્ધા રાખીને કામ કરીએ. સફળતા જરૂર મળશે. કહેવાય છે કે એના દરબારમાં દેર છે અંધેર નથી. તેથી ધીરજની પણ જરૂર પડશે.

વર્ગખંડમાં તમને કહેવાયું જ હોય અધ્યાપકો દ્વારા કે ખૂબ વાંચન કરો, મનન ચિંતન કરો, કંઈક

લખો, કોશિષ કરો વગેરે. હા મિત્રો, લાયબ્રેરી તો આપણા જીવનનો હિસ્સો બની જવી જોઈએ. સંગ તેવો રંગ એવું કહેવાયું છે તે યથાર્થ છે. મિત્રો સારા હોય એ જેમ જરૂરી છે તેમ સારા પુસ્તકોનું વાંચન પણ આપણા જીવનમાં અગત્યની ભૂમિકા ભજવે છે. તમે વિદ્યાર્થી ભલે કોઈપણ શાખાના હો, વિનયન, વાણિજ્ય કે વિજ્ઞાન, પરંતુ દરેક ભાષાના જાણીતાં - ખૂબ ખ્યાતિ પામેલાં પ્રેરણાદાયી પુસ્તકોને ઓછામાં ઓછું એકવાર તો અવશ્ય વાંચીએ. હમણાં જ વાંચશો અર્થાત્ વિદ્યાર્થીઅવસ્થામાં જ તો એની અસર તમારી ભાષા - અભિવ્યક્તિ પર ચોક્કસપણે થશે. જીવનચરિત્રો વધુ વાંચીએ. કોઈના જેવું બનવું નથી પણ પ્રેરણા તો જરૂર લઈ શકાય.

ક્યારેક હતાશા ઘેરી વળે ત્યારે થોડો સમય અસફળતા પર વિચાર્યા બાદ એમાંથી બહાર નીકળી જઈએ. જરૂર હોય તો નિ:સંકોચ રડી લઈએ. એ હતાશા આપણને ભીતરથી તોડી ન નાંખે એ પરત્વે સાવધ રહીએ. બધો આધાર આપણા મન પર જ છે. હકારાત્મક વિચારીએ અને 'લોકો શું કહેશે ?' એવા ભયને દૂર રાખીએ. ભીતરના - આત્માના અવાજ ને સાંભળીએ. જીવન આપણું છે. એને પોતાની આગવી રીતે જીવવાનો સૌને અધિકાર છે. પરંતુ શું આપણે સ્પષ્ટ છીએ ખરા ? કે મારે આવું જીવન જીવવું છે. મુશ્કેલ પરિસ્થિતિનો મુકાબલો હિંમતથી કરીએ. મેદાન છોડીને ભાગીએ નહિ. અસફળતાને પગથિયું બનાવીએ. નવા - નવા સુખદ કે દુ:ખદ અનુભવોમાંથી હિંમતભેર પસાર થઈ એનો આનંદ માણીએ. ટેલિવિઝન પર આવી એક શ્રેણી 'રોડીઝ' પ્રસારિત થતી હતી. પુન:પ્રસારણ થાય તો જરૂર નિહાળજો. સંઘર્ષ થકી આગળ વધવાની પ્રેરણા મળશે.

કોઈપણ કલા - સંગીત, ચિત્ર, શિલ્પ, નૃત્ય, લેખન કે અન્ય કોઈમાં રૂચિ કેળવીએ. એમાં ખોવાઈ જવાય એટલો રસ હોય તો એ સારી વસ્તુ છે. એ તમને રચનાત્મકતા તરફ દોરી જશે. જીવતાં - જીવતાં, રોટી - કપડાં - મકાનની સમસ્યાઓનો સામનો કરતાં કરતાં જ સાથે જ કલાને આપણામાં જીવંત રાખવાથી આનંદને ટકાવી શકશો.

અને અંતે, આત્મસંતોષ માટે, આત્માની પુષ્ટિ માટે, પોતાના આનંદ માટે ક્યારેક - ક્યારેક નિ:સ્વાર્થ કાર્ય કરતા રહીએ. અન્યને માટે ગામ કે સોસાયટીમાં ઘરડાંઓ કે એકલા જીવતા લોકો માટે જે કાંઈ સારું કરી શકાય એવું કંઈક મદદરૂપ બનીએ. ફળ ફળાદિ, શાકભાજી કોઈને લાવી આપવાં, દવા લાવી આપવી કેકોઈને દવાખાને લઈ જવા આપણે જતા જ હોઈએ અને સાથે અન્યનું લાઈટબીલ, ગેસ કે ફોન બીલ ભરી આવીએ વગેરે, હિન્દીમાં કહેવાયું છે :

घर से मस्जिद है बडी दूर गालिब
चलो किसी रोते हुए बच्चे को हँसाया जाए।

# સંસ્કૃત સાહિત્ય અને માનવ અધિકાર

પ્રા. નયના કે. નાયક
સંસ્કૃત વિભાગ

પરમાત્માની બેનમૂન સૃષ્ટિનું ઉત્કૃષ્ટ સર્જન એટલે માનવ. માનવ જીવનનું સાફલ્ય તથા સાર્થકય પણ ત્યારે જ સિધ્ધ થાય જ્યારે તે સાચા અર્થમાં માનવ હોય. માનવત્ત્વથી પરિપૂર્ણ માનવ સમાજને અખંડ, અવિભાજ્ય વિરાટ પુરુષ તરીકે સ્વીકારી સમાજને અખંડિત, સુવિકસિત, સદાચરણ યુક્ત બનાવવા આપણા આર્યોએ - ઋષિ-મુનિઓએ જીવો અને જીવવા દો ની નીતિ સિધ્ધ કરે તે માટે માનવો માટે આચારસંહિતરૂપ ધર્મશાસ્ત્રની રચના કરી. વેદ-વેદાંગો, સ્મૃતિગ્રંથો, પુરાણો-ઈતિહાસ, પ્રશિષ્ટ સાહિત્ય વગેરેની રચનાએ પુરવાર કર્યું કે, માણસની જવાબદારી માત્ર જીવતા માણસ પ્રત્યે જ નથી કુદરતે સર્જેલા પશુ-પક્ષી, વૃક્ષ, વનસ્પતિ આદિ દરેક જડ-ચેતન, અબોધ જીવો પ્રત્યે પણ એટલી જ રહે છે.દરેક જીવ પોતાને માટે, પોતાના સમાજ, સંસ્થા તથા રાષ્ટ્રના વિકાસ માટે અનુશાસન પૂર્ણ જીવન જીવે તો જ દરેકને લાભ થાય છે. આવા શુભ આશયથી રાજાની સંકલ્પના થઈ. અનુશાસન થકી જ સમાજ, સંસ્થા, રાષ્ટ્ર વિકાસ પામે છે.અનુશાસનના પ્રકલ્પને બળ મળે છે આપણા ઋષિ-મુનિઓ દ્વારા રચાયેલા ગ્રંથો - ધર્મસૂત્રો, મનુ ધર્મશાસ્ત્રરૂપ ગ્રંથો માનવ અધિકાર Human Rights આપે છે. વર્ણાશ્રમધર્મ, ન્યાય વ્યવસ્થા, ગૃહસ્થ, રાજા, પ્રજા આદિ માટેની આચારસંહિતા Code of Conduct એમાંથી પ્રાપ્ત જે માનવ અધિકારો આપણને પુરાતન કાળથી પ્રાપ્ત થયા તેનો આજનો સમાજ Human Rights ના નામે ઓળખાવે છે. આ માનવના અધિકારો શું છે ? વળી અધિકારની બીજી બાજુ તો ફરજ - કર્તવ્ય છે. તો તે અંગે સંસ્કૃત સાહિત્ય શું કહે છે ?

માનવ અધિકાર એટલે જન્મેલા દરેક માનવ પ્રાણીને સાચા અર્થમાં માનવ બનાવનાર નિયમ સંસ્કાર, માનવને શ્રેય તથા પ્રેયની પ્રાપ્તિ કરાવનારા કાયદા. માનવ અધિકાર એટલે જીવન જીવવાની પધ્ધતિ. માનવની વૃત્તિ, પ્રવૃત્તિઓ, વાણી - વ્યવહાર, વર્તનને નિયમનમાં નિયંત્રણમાં રાખનાર આચાર. સાચો અને સારો નાગરિક બનાવનારા સદગુણો. સામાજિક વ્યવસ્થાપન નિયમો, જેના થકી કોઈ પાસે છિનવી લેવું નથી કે માંગવું પણ નથી. કારણ આ તો જન્મજાત અધિકાર છે. ગીતાકાર કહે છે कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।

मा कर्मफलहेतुर्भुः मा ते संगोस्त्वकर्मळि।। અતિ સૂત્રાત્મક શૈલીમાં રચાયેલી આ આચાર સંહિતાનું પાલન થાય તો ક્યાંય કોઈ અસલામતી કે અવ્યવસ્થા ઉત્પન્ન ન થાય. માનવ આકાંક્ષાઓને સાકાર કરવા માટેની આવશ્યક વ્યવસ્થા અહીં છુપાયેલી છે. વેદકાળથી અનોખા સ્વરૂપે પ્રાપ્ત થયેલા આ માનવ અધિકારો ભારતીય બંધારણે આપણને દ્વારા આપ્યાં છે. જે ન્યાય વ્યવસ્થાની વિચારણા આજે સરકાર - ન્યાયતંત્ર દ્વારા ગોઠવાયેલી છે. તેવી સુચારૂ વ્યવસ્થા પર દેખરેખ રાખવાના હેતુથી રાજાઓની સત્તા, દૈવી સત્તા તરીકે પ્રાચીનકાલમાં ભારતમાં અસ્તિત્વમાં હતી જ.

માનવીય અધિકારોના બળ થકી જ આપણે વાણી સ્વાતંત્ર્ય, ધર્મ સ્વાતંત્ર્ય, સમાનતા, શોષણમુક્તિ, આર્થિક, સાંસ્કૃતિક અધિકારોનો ઉપયોગ કરી શકીએ છીએ, શાંતિપૂર્ણ જીવન વ્યતીત કરી શકીએ છીએ.

ભારતીય સંસ્કૃતિ માનવીય સદ્વ્યવહાર અને માનનીય અધિકાર Code of Conduct નો સુભગ સમન્વય પામી વિશ્વની સંસ્કૃતિઓમાં આજે પણ સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. ભારતીય સંસ્કૃતિએ માનવ અધિકાર તરીકે શિક્ષણને પ્રથમ સ્થાન આપ્યું છે. શિક્ષણથી જ ઉત્તમ માનવ, ઉત્તમ નાગરિકનું સર્જન થાય છે. આ શિક્ષણનું બીજ ઘરમાં, વડીલોના , માતા-પિતાના દ્વારા રોપાય છે. શિક્ષક, ગુરુ, આચાર્ય દ્વારા પુષ્ટ થતું તે યુવાધન ઉદ્યમી, ચારિત્ર્યવાન, શૂરવીર, ઉત્સાહી, મેઘાવી નાગરિક બની સમાજનું, રાષ્ટ્રનું સુકાન સંભાળે છે. વેદની ઋચાઓ, ઉપનિષદની કથાઓના પાત્રો માનવ અધિકાર સાથે વ્યક્તિગત માનવ મૂલ્યોની પણ ઊંડી સમજ આપે છે. अथर्ववेद

૩.૩૦.૨ માં કહ્યું છે કે, अनुव्रतः पितुः पुत्रो माता भवतु संमनाः । પુત્ર પિતાનું અનુસરણ કરે અને માતાના સમાન તેનું મન થાઓ. मातृदेवो भव, पितृदेवो भव, अततिथि देवो भव ની ભાવનાથી ભાવિત ભારતીય સંતતિ પોતાના કર્તવ્ય પ્રત્યે જાગૃત છે. કઠોપનિષદ નો નચિકેતા, શૂન:શેયેરવ્યાનનો રોહિતાશ્વ, શ્રવણ, જેવા અનેક પુત્રો; સાથે રામાયણ - મહાભારતના પાત્રોની ઉદ્યમશીલતા, સહનશીલતા, આત્મગૌરવ, આત્મવિશ્વાસ, કર્તવ્યપરાયણતા માનવ સમાજને માનવ અધિકાર સાથે જોડાયેલ માનવ મૂલ્યની પણ સમજ આપે છે. સાંદીપનીના આશ્રનમાં અભ્યાસ કરતા કૃષ્ણ - સુદામા શિક્ષણાધિકારનું ઉત્તમ ઉદાહરણ છે.

ઋગ્વેદ ૧૦:૧૧૭ માં કહેવાયું છે केवलाघो भवति केवलादी - જે એકલો ખાય છે તે પાપ ખાય છે. તેથી તો દાન નહિ કરનારનું કોઈ મિત્ર હોતું નથી. જે વહેંચીને ખાય છે તે જ સાચા આનંદનો ભોક્તા બને છે. વળી, ગૃહસ્થનો ધર્મ તો એમ જ કહે છે કે त्यक्तेन भुंजीथाः । ત્યાગીને ભોગવ. જીવનનો સૌથી મૂલ્યવાન માનવ અધિકાર જ્યાં યજ્ઞની ભાવનાનો મૂળ અર્થ છૂપાયો છે, જેમાં સમિષ્ટનું કલ્યાણ છે તે છે આ મારું આમારું નહીં આ તારું આ તારું માં છે. मा गृधः कस्यस्विद् धर्म अपरिग्रहः - ईशावास्यं इदं सर्वं यत्किंच जगत्यां जगत् । નિરર્થક સંચય અબોધ જીવ પણ કરતું નથી. માનવ બધું જ ભેગું કરવા પ્રયત્નશીલ રહે છે. ત્યાંજ કુદરતનું અર્થતંત્ર ખોરવાય છે. કારણ આ સમસ્ત પર સમગ્રનો અધિકાર છે.

સમાજનો નાનો જીવ પહેલા ખાય પછી જ રાજાનો અધિકાર આ માનવ અધિકારનું ઉત્તમોત્તમ ઉદાહરણ એટલે સૂર્યવંશી રાજા દિલીપ દ્વારા થતી ગૌસેવા. રાજકાજના સૌ ચિહ્નો નો ત્યાગ કરી વિનમ્ર બની ગાયની સેવા કરતો રાજા દિલીપ ગાયના આદેશ થવા છતાં તેના દૂધ પર તેના વત્સનો પહેલા અધિકાર એમ કહીને પોતાની રાજા તરીકે ફરજ નું પાલન કરતા સૂચવે છે કે સમાજના નાનામાં નાના માણસને પણ તેનો અધિકાર પ્રાપ્ત થાય તો જ રાષ્ટ્ર સુરાષ્ટ્ર બને. સમાજના નિમ્નતમ વર્ગને સહારો આપી તેનો વિકાસ થાય તેવા પ્રયત્નો હંમેશા સમાજના અગ્રણીઓ - નેતાઓ દ્વારા થવા ઘટે. સમાજના નિરાશ, હતોત્સાહી, મનથી ત્રસ્ત, આશંકિત, ભયભીત બનેલા પ્રત્યે હાથ લંબાવી તેમનામાં આશા, વિશ્વાસ, શ્રધ્ધા જગાવવા માટે પણ શિક્ષા જરૂરી છે. શિક્ષણ જ અભયત્વ પ્રદાન કરી શકે છે.

વાણી સ્વાતંત્ર્ય નો અધિકાર આપણને સૂચવે છે કે આપણે આપણા વિચારોને વિનય-વિવેક સાથે, પરસ્પરનું અવમાન કે અપમાન ન થાય એ રીતે અભિવ્યક્ત કરીએ. વાણી સ્વાતંત્ર્યમાં અભદ્ર વાણીનો, પરસ્પરને ઉતારી પાડવાનો અધિકાર નથી. તેથી જ વાક્યારુષ્યને માટે પ્રાચીન ન્યાયતંત્રમાં સજાની જોગવાઈ હતી. આજે પણ માન હાનિ નો દાવો માંડી શકાય છે.

વાણી સ્વાતંત્ર્યના સંદર્ભે અથર્વવેદ ૩.૩૦.૨ માં કહેવાયું છે કે मधुमतीं वाचं वदतु शान्तिवामं પત્ની પોતાના પતિ પ્રત્યે મધ જેવી મિષ્ટ, સુખ, શાંતિ આપતી વાણી પ્રયોજે. આ તો પરસ્પરને લાગુ પડનારો નિયમ છે. તો જ વાણી સ્વાતંત્ર્ય અને સમાનતાનો અધિકાર સુચાર પ્રયોજી શકાય.

उत्तररामचरितम् માં ભવભૂતિ સ્ત્રી તથા વાણીને સાથે સાંકળી બંનેની શુદ્ધિ, પવિત્રતા જાળવવા જણાવે છે सर्वथा व्यवहर्तव्यं कुतो ह्यवचनीयता ।यथा स्त्रीणां तथा वाचां साधुत्वे दुर्जनो जनः ।। १.पू।। - ક્રોધ ન કરવો, કોઈનું ધન, કોઈની સ્ત્રી પ્રત્યે નજર ન બગાડવી, સ્વકમાઈ કરવી, સ્વાર્થનો ત્યાગ કરવો, આતતાયી જેવું વર્તન ક્યારેય ન કરવું, મિથ્યા ગર્વ, લોભ, ક્રોધને કારણે નાશ પામનારા અનેક પૌરાણિક પાત્રો કંસ, જરાસંઘ, શિશુપાલ, દુર્યોધન, રાવણ વગેરેના કથાનકો માનવમૂલ્યો અને માનવઅધિકારના પાઠ શીખવનારા ઉત્તમ ઉદાહરણો છે. જે રાજા લોભવશ અન્યની સંપત્તિ, નીધિ હરી લે અથવા ન્યાય આપતી વેળા લોભવશ થઈ ખોટો ન્યાય આપે તો તે પણ દંડને પાત્ર બને છે. મનુસ્મૃતિ, याज्ञवलक्य સ્મૃતિની આચારસંહિતાઓમાંથી રાજા પણ બાકાત નથી !

આપણી સ્મૃતિઓએ ગર્ભસ્થ શિશુને પણ પિતાની સંપત્તિનો વારસાઈ અધિકાર આપ્યો છે. अभिज्ञान शाकुन्तम् ના ઉદાહરણથી આ વાત પ્રમાણિત થાય છે - નિ:સંતાન મૃત્યુ પામનારની સંપત્તિ પર રાજાનો અધિકાર થઈ જાય. નિ:સંતાન દુષ્યંતને પણ આ જ ચિંતા છે. તેથી તે નિયમમાં સુધારો કરતાં કહે છે ननु गर्भः पित्र्यं કાલિદાસનો આ

સ્મૃતિઓની અસર બતાવે છે. જે સ્ત્રીને સંપત્તિમાં અધિકાર આપતી ન હતી તે સ્મૃતિઓએ મૃત વ્યક્તિની સ્ત્રીની સંતતિને સંપત્તિનો અધિકાર આપી તેની માતાને તેન ટ્રસ્ટી બનાવવાની વ્યવસ્થા વિચારી ? સાર્થવાહ મૃત્યુની ઘટનાથી વ્યથિત દુષ્યંતનો આદેશ સ્મૃતિઓનો સ્ત્રીઓ પ્રત્યેનો માનવીય વ્યવહાર જ નહિ સ્ત્રીને નનીય સ્થાન આપે છે. વેદકાળમાં સ્ત્રીઓને ઘણા અધિકારો પ્રાપ્ત થયાના પુરાવા મંત્રોમાં પ્રાપ્ત થાય છે. યથા વિવાહ ગુણવાન વર સાથે કરાવવા. કન્યા - વર પોતાની પસંદ અનુસાર પરસ્પરની સંમતિથી પ્રેમસંબંધમાં ગાંધર્વ વિવાહ થાય તેને માન્યતા અપાતી. કણ્વે દુષ્યંત - શકુંતલાના ગાંધર્વ વિવાહને અનુમોદન આપ્યું હતું. વર સાથે દીકરીને પરણાવવાની વાતના તથા સ્વયંવરના પુરાવા સ્ત્રીને પ્રાપ્ત થયેલા અધિકારોના જ પુરાવા , ઈન્દુમતી, દ્રૌપદી, રૂકમણી, મત્સયગંધા, ઉર્વશી, શકુંતલા, મેનકા, કુંતા આદિ પાત્રો તો માનવ અધિકારના બનીને સાહિત્યમાં આજે પણ નવીનરૂપે ચમકી રહ્યાં છે.

સ્મૃતિઓએ कुटुम्बकामा વિધવાને પુનઃ પરણાવવાનો અધિકાર આપ્યો છે. અપુત્ર મૃત્યુંમતા પુરૂષની તેની અવિવાહીતા દીકરીને પ્રાપ્ત થવાનો અધિકાર ઋગ્વેદ ૨.૧૭.૭ માં જોવા મળે છે.

સ્ત્રી સન્માનની સાથે સ્ત્રી પ્રત્યે દુર્વ્યવહાર કરનાર, બળજબરી કરનાર સ્ત્રીસંગ્રહકો વિશે પણ એ દંડનું વિધાન આપ્યું છે. અભિજ્ઞાન શાકુન્તલમ્ રાજા કહે છે એ માનવ અધિકારનો જ ભાગ છે. સમદ્રષ્ટિ ગી પરસ્ત્રી જેને માત રે આ લક્ષણો માનવમૂલ્ય સાથે એક પ્રકારે માનવ અધિકારની જ વાત કરે છે.

માનવનો માનવ સાથે જ નહિ, પશુ-પક્ષી, વૃક્ષાદિ પ્રત્યે પણ સન્માનનીય, અહિંસક વ્યવહાર હોવો . કોઈ નિર્દોષને હણવાનો અધિકાર કોઈને પણ પ્રાપ્ત થતો નથી. અથર્વવેદ ૩.૩૦.૩ માં કહ્યું છે કે માં ભાઈ ભાઈ બેન બેન સાથે દ્વેષ ના કરે, કાલિદાસ શકુંતલાના મુખમાં આ વિધાન મૂકી માનવ સાથે પ્રકૃતિનો કેવો ગાઢ સંબંધ છે તેનો પુરાવો આપે છે. પશુ-પક્ષી સૌને જીવવાનો અધિકાર છે. તેથી તો એક તપસ્વી રાજા દુષ્યંતને કહી શકે છે , आश्रममृगोऽयं न हन्तव्यो न हन्तव्यः - आर्तत्राणाय वः शस्त्रं न प्रहर्तुमनागसि ।। १ - ११

પ્રજાના આરાધન માટે સ્વસુખનો ત્યાગ કરી નિર્દોષ સ્વપત્નીને ત્યાગનાર રામ, ગૌસેવા માટે સ્વદેહ તત્પર દિલીપ, સત્યવ્રત માટે સ્વને દાસ બનાવતા હરિશ્ચંદ, પિતાના આદેશને માન આપતો નચિકેતા, પિતાના ચવવા અરણ્યવાસ સ્વીકારતા રામ, રામની ગેરહાજરીમાં ટ્રસ્ટી બની રાજ્યની સેવા કરતો ભરત, ભાઈનો બનતો લક્ષ્મણ, પતિના પડખે ઊભી રહી યુધ્ધભૂમિ પર સહાય કરતી સહધર્મચારિણી કૈકેયી, ઝાંસીની રાણી ઈ, લખનૌના નવાબની બેગમ હજરત મહલ, પ્રાચીનથી અર્વાચીન કાળ સુધીના અનેક પાત્રો માનવના ર - વિચારને ઉર્ધ્વગતિ આપે છે. સ્વસ્થ સમાજના ઘડવૈયા આપણા પૂર્વજોએ ઋષિમુનિ તથા કવિ - મનિષિઓએ આપ્યું છે તેમાં માત્ર લોકાનુરંજન નથી Mass Councelling પણ છે. ઉન્નત સમાજ, ઉન્નત રાષ્ટ્ર સાથે તિ પ્રત્યે દોરાતો સમાજ સર્જવાની ક્ષમતા આપણી કૃતિઓમાં છે.

સૌથી શ્રેષ્ઠ અધિકાર તો આ જ છે ''સ્વધર્મે નિધનં શ્રેય :'' જ્યારે સૌના મન, વિચાર, વાણીમાં ગિતા આવશે ત્યારે જ બધાં સર્વે સુખીનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયઃ, સર્વે ભદ્રાણિ, પશ્યન્તુની ભદ્ર ભાવનાથી . As a Human Being માનવ ફળનો અધિકારી છે. ભોક્તા બનવાની તેની ઈચ્છા છે. લાયકાત પણ છે અને તે પુરૂષાર્થ પણ કરે જ છે. પરંતુ જે નિયત કર્મ - કર્તવ્ય સમજીને બજાવે છે તેણે ક્યારેય અધિકાર માટે લડવું પડતું . વેદના કેટલાક વિધાનો આપણને ઘણા અધિકારો આપી જાય છે.

ज्यायस्वना : - વૃધ્ધોનું સન્માન કરવું.

मा वि यौष्ट - આપસમાં લડવું નહિ.

सध्रीचीनाः - સંઘબળથી કર્મ કરવું.

सराधयन्तः - સાથે મળી સિધ્ધિ માટે પ્રયત્ન કરવો.

अन्योअन्यस्मै वदन्त वेदना एन - પરસ્પર પ્રેમથી, મીઠાશથી વાતો કરવી.

# કૃષ્ણાવતારના શ્રીકૃષ્ણ

પ્રા. રમીલા બી. નાયક
ગુજરાતીવિભાગ

આપણે સૌ ભારતવાસીઓ શ્રીકૃષ્ણના નામથી પરિચિત છીએ. વિવિધ નામધારી શ્રીકૃષ્ણના વૈવિધ્યસભર સ્વરૂપે માત્ર ભારતીયોનું જ નહીં, સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. લોકનાયક, યોગપુરુષ, રાજનીતિજ્ઞ, ધર્મનિતિજ્ઞ, તત્વચિંતક જેવા શ્રીકૃષ્ણના વિરલ વ્યક્તિત્વએ વિશ્વના અનેક વિદ્વાનોને આકર્ષ્યા છે. કવિઓ અને લેખકોને પોતાના સાહિત્યનો કવન વિષય બનાવવા પ્રેર્યા છે. અનેક ભક્તો ધર્મ શ્રધ્ધાળુઓને ભક્તિમાં રાચતા કર્યા છે. સમગ્ર ભારતવર્ષના મોટા ભાગના લોકોના દિલમાં ઈશ્વર તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકેલ શ્રીકૃષ્ણના જીવન અંગે પ્રાચીન ગ્રંથોમાં અનેક સંદર્ભો પ્રાપ્ત થયા છે.

વૈદિક સાહિત્યથી મહાભારત સુધીમાં શ્રીકૃષ્ણ વિવિધ રૂપે પ્રગટ થાય છે. વૈદિક સાહિત્યમાં ધૂંધળું દેખાતું શ્રીકૃષ્ણનું સ્વરૂપ મહાભારતમાં સ્પષ્ટ આકૃતિ ધારણ કરે છે. શ્રી ગુણવંત વ્યાસ કહે છે ''મહાભારતમાં દેખાતા વીર, ધીર, પરાક્રમી, બુધ્ધિમાન, તેજસ્વી કૃષ્ણને વૈદિક સાહિત્યમાં નિરૂપાયેલ શ્રીકૃષ્ણનું વિકસીત સ્વરૂપ કહી શકાય. વૈદિકકાળના આ કૃષ્ણ પૌરાણિકકાળ સુધીમાં તો પૂર્ણપણે વિકસિત થઈ ઈશ્વર સ્વરૂપે આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે.'' જુદા જુદા પુરાણોમાં પણ કૃષ્ણના વિવિધ વ્યક્તિત્વો પ્રગટ થયા છે.

ટૂંકમાં વૈદિક સાહિત્યથી આરંભાતો કૃષ્ણ સ્વરૂપનો વિકાસ મહાભારત અને પુરાણોમાં વિકસિત સ્વરૂપ ધારણ કરે છે. જૈન અને બૌધ્ધ સંપ્રદાયના કવિઓ પણ કૃષ્ણ ચરિત્રની કથાને સ્વધર્મે રંગી પોતાના સાહિત્યમાં ઢાળે છે. સંસ્કૃત સાહિત્યમાં પણ કેટલાક કવિ લેખકોએ શ્રીકૃષ્ણા જીવન ચરિત્રને પોતાના કાવ્ય નાટકમાં નિરૂપ્યું છે. પુરાણોમાં નિરૂપાયેલા શ્રીકૃષ્ણના જીવનચરિત્રની આ પરંપરા સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્યમાંથી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ઊતરી આવી. મધ્યકાલીન ગુજરાતીના ધર્મપ્રધાન સાહિત્યમાં કૃષ્ણચરિત્ર પદ, રાસ - રાસા કે આખ્યાન જેવા સાહિત્ય સ્વરૂપોમાં વ્યક્ત થયું છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આરંભ થતાં સાહિત્ય સ્વરૂપોનું વહેણ બદલાય છે. મધ્યકાલીન સ્વરૂપોને સ્થાને સોનેટ, ઊર્મિકાવ્ય, ખંડકાવ્ય જેવા નવા પદ્યસ્વરૂપો અને નવલકથા નાટક, નિબંધ અને ટૂંકીવાર્તા જેવા ગદ્યસ્વરૂપો અસ્તિત્વમાં આવે છે. મધ્યકાલીન ધાર્મિક સાહિત્યનું સ્થાન સામાજીક, રાજકીય અને ઐતિહાસિક સાહિત્ય લે છે. પાશ્ચાત્ય સાહિત્યના પરિચયથી આપણી ભાષાના સાહિત્યમાં નવલકથા સ્વરૂપનો ઉદય થાય છે. 'કરણઘેલો' થી શરૂ થયેલી નવલકથાની વિકાસયાત્રા 'સરસ્વતીચંદ્ર' માં પૂર્ણરૂપે પ્રગટ થાય છે. ત્યાર પછી પ્રગટ થયેલ મુનશીની નવલકથાઓ મહત્વનું સોપાન સિધ્ધ કરે છે. પોતાની કલ્પના સૃષ્ટિમાં મઢાઈ ગયેલા શ્રીકૃષ્ણના જીવનચરિત્રને નવી જ રીતે આલેખવાનો તેઓ પ્રયત્ન કરે છે. એમના પ્રયત્ન થકી જ ગુજરાતી નવલકથા સાહિત્યમાં કૃષ્ણચરિત્ર આલેખનનો આરંભ થાય છે. શ્રીકૃષ્ણના જીવન અને તેમના પરાક્રમોને નવી રીતે રચવાની મુનશીની ઈચ્છા ગુજરાતી સાહિત્યને સૌ પ્રથમ કૃષ્ણ વિષયક નવલકથા કૃષ્ણાવતાર આપે છે.

શ્રી મુનશીની 'કૃષ્ણાવતાર' કથાશ્રેણીનો પ્રથમ ભાગ ૧૯૬૩ માં પ્રગટ થાય છે. ગુજરાતી નવલકથા સાહિત્યની વિકાસયાત્રાના લગભગ સો વર્ષ બાદ તેમાં શ્રીકૃષ્ણનો પ્રવેશ થાય છે. કૃષ્ણ વિષયક નવલકથાના સર્જનમાં મુખ્ય સમસ્યા કૃષ્ણનું દૈવી ચમત્કારયુક્ત જીવનચરિત્ર હતું. શ્રી મુનશીએ પણ આ વાત સ્વીકારી છે. પોતાના જીવનકાળ દરમિયાન જ જે પ્રતિષ્ઠાને શિખરે પહોંચી ગયા હોય તેવા નરોત્તમના જીવનના સત્ય પ્રસંગો શોધીને તેનું આલેખન કરવું એ બહુ કઠીન છે. આમ છતાં સુવ્યવસ્થિત રીતે કૃષ્ણવિષયક નવલકથાનો પ્રારંભ કરનાર મુનશી પ્રથમ છે.

કૃષ્ણાવતાર એ શ્રી મુનશીની કૃષ્ણ જીવનચરિત્રને રજૂ કરતી સાત ખંડોમાં વિભાજીત પૌરાણિક [illegible] છે. આ નવલકથાનો આઠમો ખંડ મુનશીનું અવસાન થતા અધુરો રહ્યો. ગુજરાતી નવલકથામાં શ્રીકૃષ્ણ [illegible] નાયક તરીકે કૃષ્ણાવતારમાં પ્રથમ વખત આવે એ એક અવિસ્મરણીય બાબત છે. શ્રી મુનશીએ કૃષ્ણાવતારના [illegible] ખંડને ઉપશીર્ષક આપ્યું છે. તે દ્વારા કૃષ્ણ ચરિત્રના મહત્ત્વના પ્રસંગો, ઘટનાઓ અને તેમના પરિચયમાં આવેલી [illegible]રતની અન્ય પાત્રસૃષ્ટિને જીવંત કરવાનો પ્રયત્ન કર્યો છે.

કૃષ્ણાવતારનો પ્રથમ ખંડ મોહક વાંસળી વાસુદેવ - દેવકીના લગ્નથી આરંભાઈ કંસવધ સાથે પૂરો [illegible] છે. એમાં ગોકુળવાસી શ્રીકૃષ્ણની બાળલીલાઓ અને કંસવધની કથા મુખ્ય છે.

બીજો ખંડ સમ્રાટનો પ્રકોપ કંસવધથી આગળ વધી રુકમણી હરણ સાથે પૂરો થાય છે. પાંચ પાંડવ [illegible] ત્રીજા ખંડમાં કૃષ્ણને રાજકીય અને ધર્મનિષ્ઠ મહાપુરુષ તરીકે આલેખે છે. ચોથા ખંડ માં ભીમનું કથાનક [illegible] કથા લઈ આવે છે. સત્યભામાનું કથાનક નામનો પાંચમો ખંડ શ્રીકૃષ્ણના જીવન પ્રસંગો સાથે જોડાયેલ છે. છઠ્ઠા [illegible] મહામુનિ વ્યાસનું કથાનક છે. 'યુધિષ્ઠિરનું કથાનક' નામના સાતમા ખંડમાં શ્રીકૃષ્ણનો દૈવીપ્રભાવ વર્તાય છે. [illegible] ખંડમાં કુરુક્ષેત્રનું કથાનક છે.

આમ ગુજરાતી નવલકથા સાહિત્યમાં શ્રીકૃષ્ણના જીવનચરિત્રને આઠ ખંડમાં સમાવવાનો શ્રી મુનશીનો પ્રયત્ન તેમની કૃષ્ણ પ્રત્યેની ભક્તિ અને સાહિત્ય પ્રત્યેની નિષ્ઠાનો પરિચય કરાવે છે.

શ્રીકૃષ્ણનાં સમગ્ર જીવનને જોતાં જણાય છે કે શ્રીકૃષ્ણનો જન્મ અધર્મનો નાશ અને ધર્મનો જય કરવા અર્થે થયો હતો. વળી કુરુક્ષેત્રના મેદાનમાં તેમણે અર્જુનને કરેલો પોતાનો જન્મોદ્દેશ પણ જાણીતો છે. શ્રી મુનશીએ પણ શ્રી કૃષ્ણને ધર્મરક્ષક - ધર્મપુરુષ તરીકે ઉપસાવવા કૃષ્ણાવતારનું સર્જન કરેલ હોય તેવું જણાય છે. મુનશીની દ્રષ્ટિએ ધર્મનો અર્થ પણ કૃષ્ણના વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા પ્રગટ થયો છે. સમગ્ર નવલકથામાં ધર્મને ખાતર ઝઝૂમતા, અનેક સાહસ ખેડતા, પરાક્રમો કરતા શ્રી કૃષ્ણની ધર્મરક્ષક તરીકેની છબિ ખડી થઈ છે.

લેખકે પ્રથમ ખંડની પૂર્વભૂમિકામાં જ ધર્મને અવગણતા પાપચારી રાજ્યકર્તાઓના નાશ માટે નારાયણને જન્મ લેવા વિનંતી કરતા પૃથ્વી માતાનો ઉલ્લેખ કર્યો છે. એના જવાબમાં નારાયણ કહે છે: ''જ્યારે ધર્મગ્લાનિ પામે છે ત્યારે અધર્મનો વિનાશ કરવા હું પૃથ્વી પર અવતરું છું,'' અહીં પણ ધર્મ જ કેન્દ્રસ્થાને છે.

કૃષ્ણાવતારના આરંભે લેખક કૃષ્ણને ધર્મરક્ષક તરીકે ઓળખાવે છે. યોગ યોગેશ્વવર શ્રીકૃષ્ણના અનેક ક્રિયાકલાપોમાંથી એક જ સૂર વહે છે ધર્મ અર્થાત કર્તવ્ય - કર્મ. શ્રી મુનશીએ વર્ણવેલા દરેક પ્રસંગોમાં તેમના [illegible]ના દરેક ધર્મોમાં તેમની ચારિત્ર્યાત્મક છબિ પ્રગટ થાય છે.

રાધા સાથેના પોતાના લગ્નને ધર્મકાર્ય ગણાવતા કૃષ્ણ રાધાના ત્યાગને અધર્મ ગણે છે. ધર્મના રક્ષણ અર્થે જન્મેલા શ્રીકૃષ્ણ પોતાના આ મહાન કાર્યની શરૂઆત રાધાને ત્યજવાના અધાર્મિક કૃત્યથી કરવા માગતા નથી. ધર્મના રક્ષકને ભવિષ્યમાં કોઈ કહીજાય કે નિર્દોષ ગોપકન્યાને કૃષ્ણએ છોડી દઈ અધર્મનું આચરણ કર્યું તે તેમને [illegible]નથી આથી જ તેઓ વસુદેવ - દેવકીને સંદેશ મોકલે છે.

''એમને જઈને કહેજો : તમારો પુત્ર જગતમાં ધર્મનું સંરક્ષણ કરે એવી તમારી ઈચ્છા છે પણ એને એની [illegible] ધર્મ આવી પડ્યો છે તેનું પાલન કરવા દેશો તો જ એ કામ કરી શકશે. જેણે પોતાનું સર્વસ્વનું એને સમર્પણ કર્યું [illegible] નિરાધાર ગોપકન્યાનો સ્વીકાર કરવાનો ધર્મ અત્યારે એની સામે ખડો થયો છે.''

કૃષ્ણના આ શબ્દો તેમની ધર્મરક્ષક તરીકેની દ્રષ્ટિના દર્શન કરાવે છે. આ પ્રસંગ ધર્મરક્ષક શ્રી [illegible] જીવનધર્મના પાયાનું પ્રથમ સોપાન છે. નબળા પાયા પર ધર્મ ન ટકી શકે. તેથી રાધા વિશેના નિર્ણયને લેખકે [illegible] મૌલિકતાથી ઉપસાવી ધર્મરક્ષકના કાર્યને નક્કર સ્વરૂપ આપ્યું છે.

ઈન્દ્રના કોપનો સામનો કરવામાં પોતાનો ધર્મ જોતાં કૃષ્ણ ભયભીત પ્રજાને ભયમુક્ત કરવાનો ધર્મ બજાવી સ્વધર્મ વિષેની પોતાની સભાનતાનો પરિચય કરાવે છે. ઈન્દ્રપૂજાને સ્થાને ગોવર્ધન પૂજા શરૂ કરી. વર્ષોથી ચાલ્યા આવતા જડ ઉત્સવને ધર્મોત્સવમાં ફેરવી નાખતા કૃષ્ણની ધર્મરક્ષક તરીકેની જાગૃતિ અજોડ છે. ધર્મ વિશેની તેમની સમજ, પૂજા વિશેનો તેમનો ખ્યાલ અને ઉત્સવ વિશેનો શ્રીકૃષ્ણો અભિપ્રાય તેમની પરિપક્વ સમજનો પરિચય કરાવે છે. ઈન્દ્રોત્સવ ન ગમતો હોવાનું કારણ આપતાં તેઓ કહે છે આટલાં બધા ઘી, દૂધ અને મધ તથા સમિધની આહુતિ આપણે શા માટે આપીએ છીએ ? આપણને એનો ભય લાગે છે માટે ! આપણને ડર લાગે છે કે જો આ ઉત્સવ નહીં ઉજવીએ તો એ કોપે ભરાઈને આપણો વિનાશ કરશે.''

શ્રીકૃષ્ણના વિચારો ધર્મની બાબતમાં સ્પષ્ટ છે. કોઈપણ ધાર્મિક કાર્ય ડરથી નહીં અંતરના ઉમળકાથી થવું ઘટે. એને મન તો ઈન્દ્ર કરતાં પોતાના ગોપ - ગોપી, ગાય અને પ્રકૃતિનાં તત્ત્વોનું વિશેષ મૂલ્ય છે. એમના માનમાં ઉજવાતા ઉત્સવોમાં જ એમને ખરો આનંદ અનુભવાય છે.

ધર્મના રક્ષણ ખાતર જ પોતાનો જન્મ થયો હોવાની પ્રતિતી થતાં કૃષ્ણ વ્રજ છોડી મથુરા જવાનો નિશ્ચય કરે છે. જે તેમની ધર્મ પ્રત્યેની અડગ શ્રધ્ધા દર્શાવે છે. અધર્મી એવા મામા કંસનો વધ તથા યાદવકુળને એ અધર્મીના બંધનમાંથી મુક્તિ અપાવવી એ જ કૃષ્ણને મન પરમ ધર્મકાર્ય છે. એમને મન તો ધર્મ જીવનમાં વણાઈને એકરૂપ થઈ ગયેલ અભિન્ન અંગ સમાન છે. તેઓ સ્પષ્ટપણે માને છે કે ધર્મને કોઈ નીતિ - નિયમના બંધનમાં બાંધી શકાય નહિ. કંસના દુષ્કૃત્યોનું વર્ણન કરતા શ્રીકૃષ્ણના શબ્દો એક ધર્મરક્ષકની હૈયાવરાળ જેવા છે. પોતાના ધર્મકાર્યથી પરિચિત શ્રીકૃષ્ણ કહે છે ''મથુરા મારે જવાનું જ છે - મારો એ ધર્મ છે. કેટલીય વાર મને લાગ્યું છે કે આ અધમતા, આ જુલમ, આ ભય વિહવળતા એ બધાનું નિવારણ હું કેમ ન કરી શકું ?''

અહીં અત્યાચારી અનીતિથી ચાલનાર કંસનો વધ કરવા માટે શ્રીકૃષ્ણ દ્રઢનિશ્ચયી બન્યા છે. એને જ તેઓ પોતાનું ધર્મકાર્ય માને છે. આ ધર્મકાર્ય પૂર્ણ કરી તેઓ મથુરાવાસીઓને, સમગ્ર યાદવોને આ પાપાચારીના હાથમાંથી મુક્ત કરી એમના સાચા ધર્મરક્ષક - ધર્મપુરુષ બની રહે છે. આ ઉપરાંત પ્રથમ ખંડમાં આલેખાયેલ નાગદમન પ્રસંગે પણ શ્રીકૃષ્ણ ઝેરી નાગને મારી તેના ત્રાસમાંથી ગોપબાળોને ઉગારે છે. ત્રિવ જેવી કદરૂપી સ્ત્રીની સાચા હૃદયની ભક્તિથી પ્રસન્ન થયેલ શ્રીકૃષ્ણ તેને સુંદરતા બક્ષે છે. આ તમામ પ્રસંગે તેમનું ધર્મરક્ષક તરીકેનું સ્વરૂપ પ્રગટ થતું જણાય છે.

અંતમાં ચોક્કસ કહી શકાય કે શ્રીકૃષ્ણનો જન્મ ધર્મના રક્ષણાર્થે થયો હતો. તેમને આર્યધર્મના રક્ષક તરીકે કૃતિમાં નિરૂપી સાચા ધર્મરક્ષક તરીકે મુનશીજીએ પ્રતિષ્ઠિત કરી यतो कृष्णः ततो धर्मः એ મહાભારત વાક્યને સાર્થક કર્યુ છે. यदा यदा ही धर्मस्य ग्लानिर्भवभारत એ ગીતાના શબ્દોને લેખકે શક્ય તેટલા પ્રમાણમાં કૃષ્ણના પાત્ર દ્વારા વત્તે ઓછે અંશે પોતાની કૃતિમાં પ્રગટ કરી શ્રીકૃષ્ણનાં ચરિત્રને ધર્મરક્ષક - ધર્મપુરુષ તરીકે સ્થાપી આપવામાં સફળ રહ્યા છે.

ટૂંકમાં કૃષ્ણના વિશાળ જીવનચરિત્રને નવલકથામાં સમાવવાનો મુનશીનો પ્રથમ પ્રયત્ન એ જ એમની સૌથી મોટી સિધ્ધિ છે.

# Peace & Freedom for Indian Women in the Digital Era.

**Prof. Minu R. Desai**
**Assist. Prof. in English**

The easy availability of Information Technology even in remote areas is going to open a new chapter for women in India. The emerging digital era will give them a wide range of options and a power to be more self-aware., more enlightened and economically independent.

Jawaharlal Nehru said, "You can tell the condition of a nation by looking at the status of its women." The country cannot make evident progress towards peace and prosperity unless women who are almost half of the population also become equally active contributors.

Education will let women know their rights and responsibilities and to discharge them intelligently. Education is the gateway to women's empowerment that solidifies the base of the constitutional rule to be meaningful.

The digital era will prove that Shakespeare was right, who towards the end of sixteenth century said that men rule the world but women rule the rulers. The world would be a better place to live if these rulers of the rulers are enlightened. It is also said that educating a woman is educating a generation. Information Technology would help to say good night to illiteracy among Dalits and among others who are far from the big cities. They will become productive partners of the nation.

In this digital era, the process of peace will not be handled just by activisits and politicians. This process will be handled also by knowledgeable and economically independent women who will eventually realise that their love for their children will shape their sons and daughters to become better administrators and politicians of tomorrow. Peace is the outcome of love and mothers can give it in abundance and intelligently when their baskets are filled with the flowers of education. The emerging digital era will give women more muscles of enlightenment to be able to play their roles more independently and intelligently in domestic and international affairs.

Women would be free and able to be express themselves in the newly - found environment of economical freedom. The digital era has started changing housewives from different to confident civic conscious citizens. The air of change will free women from most miseries in the digital era. This air has started blowing and will be blowing harder and pleasantly from now onwards. The digital era will achieve for women, particulably Dalits, what reformers and laws could not. This will alter the destiny of India.

# પ્રાણી વર્તન

પ્રા. વી.એમ.દેસાઈ
અર્થશાસ્ત્ર વિભાગ

પરિસરતંત્ર, જૈવિક વિવિધતા અને પ્રાણીવર્તન સમગ્ર પર્યાવરણના મહત્ત્વના અંગો છે. જૈવિક વિવિધતા હેઠળ જોવા મળતા વિવિધ પ્રાણીઓ, પક્ષીઓ, કિટકો વગેરેનું વર્ણન આસપાસના પરિસરને અનુરૂપ જોવા મળે છે.

પરિસર સાથેની પ્રાણીની પ્રતિક્રિયા એટલે પ્રાણીવર્તન, પ્રાણીના વર્તનને સમજવાનો સૌ પ્રથમ શૈક્ષણિક પ્રયાસ એરિસ્ટોટલે કર્યો હતો. પ્રાણીના વર્તનનું અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે પ્રાણીવર્તન - શાસ્ત્ર. પ્રાણિવર્તન શાસ્ત્રનો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી અભ્યાસ ગીલ્બર્ટ બાઈટ અને ચાર્લ્સ બેરોયે કર્યો હતો. પરંતુ ચાર્લ્સ ડાર્વિન પ્રાણીવર્તન શાસ્ત્રના વૈજ્ઞાનિક અભ્યાસના પિતા ગણાય છે. ચાર્લ્સ ડાર્વિને પ્રાકૃતિક પસંદગીવાદ તેમજ પ્રાણીની જન્મજાત સહજવૃત્તિ અંગેના વિવિધ અભિગમો શરૂ કર્યા. તેમજ પ્રાણીવર્તનના મહત્ત્વપૂર્ણ અવલોકનો કુદરતી આવાસ સંદર્ભના હતા.

પ્રાણીવર્તન શાસ્ત્ર હેઠળ પ્રાણીઓના અવયવોની રચના, વિકાસ - જૈવ રાસાયણિક અને ચેતાતંત્ર સંગઠિત જાણકારી મેળવવામાં આવે છે. પ્રાણીવર્તન બે પ્રકારનું હોય છે. (૧) સ્વકેન્દ્રી (૨) સામાજિક. સ્વકેન્દ્રી વર્તન મુખ્યત્વે પોતાને માટે એટલે કે ખોરાક આશ્રય. સ્વરક્ષણ સંદર્ભનું હોય છે. જ્યાં સામાજિક વર્તન એટલે પોતાની જાતિના પ્રાણીઓ તરફનું હોય છે. જેમાં જાતીય સંબંધ અને જન્મજાત પ્રભુત્વ સ્થાપવા માટેનું હોય છે. પોતાનો વિસ્તાર પ્રસ્થાપિત કરવો અને તેનું રક્ષણ કરવું એ પ્રાણીવર્તન હેઠળ આવે છે.

પ્રાણીવર્તનની પધ્ધતિ કોઈવાર વારસાગત અને પ્રાકૃતિક પસંદગી પર આધાર રાખતી હોય છે. મોટા ભાગના જીવોનું વર્તન તેમના અસ્તિત્વ ટકાવી રાખવા માટેનો સંઘર્ષ હોય છે.

Wild Life Management માટે પ્રાણીવર્તનનો અભ્યાસ ખૂબ જ આવશ્યક છે. જેમકે ગુજરાતના વિશ્વપ્રસિધ્ધ એશીયાટીક સિંહના સંરક્ષણ અને સંવર્ધનમાં પ્રાણીવર્તનનાં અભ્યાસ ખૂબ જ મહત્વનાં બન્યા છે.

પ્રાણીવર્તન પર વિવિધ પરિબળો અસર કરતાં હોત છે. જેમાં કેટલાંક પ્રેરક પરિબળો મહત્વના હોય છે. પ્રેરક પરિબળો ને તે પ્રાણીના આસપાસના પર્યાવરણમાંથી મળી રહેતા હોય છે. જેમકે સુગરી જેવા પક્ષીઓના માળો બનાવવાની પ્રક્રિયામાં તેની આસપાસના પર્યાવરણ અનુસારનું વર્તન જોવા મળશે. પ્રાણીઔના વર્તનમાં આશ્ચર્યજનક સંદેશા પધ્ધતિ, શીત સમાધિ, સ્થળાંતર, અનુકૂલનતા કે સહજીવન સંબંધિત વર્તનો જોવા મળતા હોય છે. જેનાથી પ્રાણીઓની અદ્દભુત શક્તિઓનો પરિચય આપણને થાય છે. યોજનાબધ્ધ શિકારની પ્રવૃત્તિ વિવિધ સજીવોમાં જોવા મળે છે. આર્કટિક ટર્ન નેવા પક્ષીની અદ્દભુત ઉડ્ડયનક્ષમતા અને નાજુક મોનાર્ક પતંગિયાના ઋતુપ્રવાસ પ્રાણીવર્તનના ઉત્તમ ઉદાહરણો છે.

દરેક પ્રાણી તેની આસપાસના જૈવિક - અજૈવિક અને સામાજિક પર્યાવરણીય ફેરફારોને અનુરૂપ પ્રતિક્રિયા કરતા જોવા મળે છે. જેમાં પાંચ ઈન્દ્રિયો જેવી કે આંખ, કાન, નાક, જીભ, ત્વચા વગેરે દ્વારા પ્રતિક્રિયા વર્તન કરતા હોય છે. અને ગંધ, સ્વાદ, સ્પર્શ વગેરે સંવેદનો પ્રેરક તરીકે કાર્ય કરે છે. જેમકે સરીસૃપો (સાપ) માં જીભ વારંવાર બહાર કાઢીને હવામાં રહેલા સૂક્ષ્મ કણો મેળવીને 'જેકબર ઓરગન' હેઠળ તેનું વિશ્લેષણ કરીને સર્પ પ્રાણી આસપાસની સ્થિતિનો લાભ મેળવતા હોય છે.

આમ દરેક સજીવોની પોતાની અલગ દુનિયા હોય છે. અને તે મુજબ તેનું વર્તન જોવા મળે છે. જૈવિક વિવિધતા જે તે વિસ્તારની પર્યાવરણીય ગુણવત્તાનો નિર્દેશ કરે છે.

# જીવન કીમિયો

પ્રા. દિનેશભાઈ રાઠોડ
કોમર્સ વિભાગ

માનવસંપતિના સાધનોમાં માનવ એક જીવતી જાગતી મિલકત છે. એમ કહીને જે. આર. ટાટાએ મનુષ્યનું મૂલ્ય આંકી આપ્યું છે. અંગ્રેજીમાં કહેવત પ્રમાણે Mind the man man will mind all thing અર્થાત્ માણસને સાચવશો તો માણસ બધું જ સાચવશે. પરંતુ આધુનિક યુગની ગળાકાપ હરીફાઈમાં માનવ ભૂલાતો જાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે યાંત્રિક પ્રભાવ હેઠળ જીવતો મનુય પોતે પોતાની જાતને પણ ભૂલતો જાય છે. એક અંગ્રેજી કવિએ યોગ્ય કહ્યું છે. We are machinery, We have no mercy towards Human Being, If you do mistake we kill on spot.

એટલે કે અમે મશીનરી છીએ, અમને માનવ જાત પ્રત્યે દયા કે લાગણી નથી. જો તમે ભૂલ કરશો તો અમે ત્યાં જ પતાવી દઈશું.

ભૌતિકવાદની આંધળી દોડમાં આજે જીવનના મૂલ્યાંકનના સ્વરો વ્યાપકપણે બદલાઈ રહ્યા છે, જે [illegible] છે. સમાજમાં જેઓ ધનવાન, સંપતિવાન, વિદ્વાન, પ્રતિભાશાળી, ઊંચા હોદ્દા પર હોય તેમને જ લોકો [illegible] મહત્ત્વ આપે છે. જ્યારે ચારિત્ર્યવાનને ભુલી ગયા છે. એના પાયામાં વધી રહેલો ભ્રષ્ટાચાર, બેઈમાની, [illegible], ભેદભાવ, રંગભેદ, ઈર્ષ્યા - દ્વેષ ઈત્યાદિ છે.

આનંદિત જીવન જીવવા માટે આઠ પરિબળો છે. જેને અષ્ટાંગ કહે છે.

સમ્યક દ્રષ્ટિ : જેવું છે તેવું જોવું. અર્થાત્ જોવા માટે કોઈ ધારણા, કલ્પના, કામના, વાસના વગેરે [illegible] નહિ. જેવું છે જે તે તે જ જોવું. દા,.ત., એવું વિચારવું નહિ કે તે ક્ષત્રિય છે જેથી વેદ વિરોધી છે. આ ધારણા છે. [illegible] દૂર કરી જે તે જોવું તે સમ્યક દ્રષ્ટિ કહેવાય છે.

આનંદમય જીવન જીવવા માટે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી ઘટે જેમકે સિધ્ધાંત અને સંબંધને [illegible] નહિ લાવીએ. દુ:ખને ભૂલવા માટે ભવિષ્યની નવી આશાઓ ખીલવીએ તો જીંદગીમાં ગમે ત્યારે સુખની પ્રાપ્તિ [illegible] ન રહે. આજે નહિ તો કાલે, એક વ્યક્તિથી નહિ તો બીજી વ્યક્તિથી એ મળશે.સૌભાગ્ય અને દુર્ભાગ્ય [illegible] ઓળખ છે. સામાજીક દ્રષ્ટિવાળું જીવન કેવું હોય તેનું એક ઉદાહરણ જોઈએ. જાપાનમાં એક ફકીર હતો. તેની [illegible] ઘોડા હતા. એકવાર રાજા તે ગામમાંથી પસાર થયા અને શાનદાર ઘોડા પર નજર પડી. રાજાએ મોંમાંગી [illegible] કહ્યું. પરંતુ ફકીરે કહ્યું કે ઘોડા મને ખૂબ જ પ્રિય છે. પ્રેમની કોઈ કિંમત હોતી નથી. જેમકે હું મારો દીકરો [illegible] નથી. વેચવો અસંભવ છે. જ્યારે રાજા કોઈ પણ ઘોડો ખરીદવા તત્પર હતો. થોડા સમય પછી એ તબેલામાં [illegible] પાડોશીને ખબર પડી ઘોડો તબેલામાંથી ભાગી ગયો હતો. જંગલમાં જઈને અઠવાડિયા પછી પાછો આવ્યો [illegible] ઘોડા લઈને આવ્યો ! કહેવાનો મતલબ એ કે દુર્ભાગ્યની કોઈ કલ્પના ન કરીએ. પ્રત્યેક પરિસ્થિતિમાં [illegible] આનંદીત રહેવું જોઈએ.

મસ્ત જીવન જીવવા માટે સમ્યક જાગૃતિ અનિવાર્ય છે. મનુષ્યે ખરાબને ભૂલી જવું જોઈએ અને સારી [illegible] કરવી જોઈએ . પરંતુ માણસની પ્રકૃતિ એવી છે કે સારી વાતને ભૂલીને ખરાબ વાત યાદ રાખે. તો એ [illegible] કે આપણામાં કોણ બેઠું છે? મનુષ્યને આત્મ તત્વનું ભાન થવું જોઈએ. અહમનું વિગલન કરવું [illegible] રીતે આપણે એકબીજા સાથે ઝઘડો કરી લઈએ છીએ. આપણે સાચા અને બીજાને ખોટા ઠેરવવાનો [illegible] છીએ.બીજા ઉપર ઉપકાર કરીએ છીએ એવા અહમને પોષતા હોઈએ છીએ.

આપણું સાહિત્ય, ફિલ્મ, દૂરદર્શનના કાર્યક્રમ વગેરે આપણને બદલો લેવાની ભાવનાને પ્રોત્સાહિત [illegible] સમાચારના ઉત્તમ, સુખ, શાંતિ અને મસ્ત જીવન જીવવા માટે શ્રેષ્ઠ છે.

# સંસ્કૃતિ અને સભ્યતા

પ્રા. ઈન્દુબેન પટેલ
ઈતિહાસ વિભાગ

સરળ શબ્દોમાં સંસ્કૃતિ એટલે જીવન જીવવાની રીત. તે સમગ્રરીતે જટિલ છે. તેમાં જ્ઞાન, માન્યતા, કલા, નીતિ, કાયદો, રિવાજ અને સમાજના સભ્ય તરીકે માણસે પ્રાપ્ત કરેલ બીજી કોઈ યોગ્યતાઓ તથા ટેવોનો સમાવેશ થાય છે. માનવ સંબંધ કોઈપણ સમાજના પાયાની રચના કરે છે. અને આ સંબંધને કેટલાક ધોરણો તથા મૂલ્યો મળીને સંસ્કૃતિ બનાવે છે. તેથી આપણે કહીએ છીએ કે સંસ્કૃતિ એવું માધ્યમ છે જેના દ્વારા માનવી અને સમાજ વચ્ચેનો સંબંધ ઘડાય છે.

એમ કહેવામાં આવે છે કે સંસ્કૃતિ વાતાવરણનો (આસપાસની પરિસ્થિતિનો) માણસે બનાવેલો ભાગ છે. તે ઉપરાંત તેમના પોતાના હિતો માટે એકબીજાના સંપર્કમાં આવતા માણસોના જુદા જુદા સમૂહોના બનેલા સામાજિક વાતાવરણમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.સંસ્કૃતિ એક સમૂહ પાસેથી બીજો સમૂહ અને એક પેઢી પાસેથી બીજી પેઢી શીખે છે. સંસ્કૃતિ આપણા જીવનમાં મજબૂત બંધાયેલી છે અને આપણા રોજબરોજના અસ્તિત્વનો એક ભાગ પણ છે. માનવીઓ વિવિધ સમૂહો તથા કોમોમાં વહેંચાયેલા છે. આવા સમૂહો તથા કોમો અસંખ્ય છે. તેથી અનેક જુદી જુદી સંસ્કૃતિઓ પ્રવર્તમાન છે. તેમ છતાં સંસ્કૃતિના વિશાળ અર્થમાં બે પ્રકાર પાડી શકાય. જેમાં ભૌતિક સંસ્કૃતિ અને અભૌતિક સંસ્કૃતિ.

**ભૌતિક સંસ્કૃતિ :**

ભૌતિક શબ્દ કાંઈક ભૌતિક અથવા દુનિયાદારીના સ્વરૂપનો ઉલ્લેખ કરે છે. ભૌતિક સંસ્કૃતિમાં મકાન, ખોરાક, વસ્ત્રો, વાહનવ્યવહારના સાધનો વગેરેનો સમાવેશ થાય છે.માણસના અસ્તિત્વમાં આ બધી વસ્તુઓ મહત્વનો ભાગ ભજવે છે. તેથી તે વસ્તુઓ પ્રાપ્ત કરવાના પ્રયાસો કરે છે. ત્યારે બીજા માણસો સાથેના તેના સંબંધ વધારે મજબૂત બને છે. પ્રત્યેક માનવી તેની પાયાની જરૂરિયાતોની પૂર્તિ કરવા માંગે છે. તેની પ્રાથમિક આવશ્યકતા મેળવવાના તેના આ પ્રયાસોમાં તે જુદા જુદા માનવીઓના સંપર્કમાં આવે છે. અને તેની આવશ્યકતાઓ વધે તેમ બીજાઓ સાથેના તેના સંબંધો વધુને વધુ વિશાળ બને છે. તેથી આપણે કહી શકીએ કે ભૌતિક સંસ્કૃતિ તેના સ્વરૂપમાં મૂર્ત (સાકાર) અને સંગ્રહ કરી શકાય એવી છે. તેમની પાયાની જરૂરિયાતો મેળવવામાં તેઓ અસમર્થ હોય તો ભૌતિક સંસ્કૃતિ સમાજના સભ્યોમાં તંગદિલી પણ પેદા કરી શકે છે. તે સ્પર્ધા તથા સંઘર્ષો તરફ પણ દોરી જાય છે. અને એ રીતે સમાજમાં માનવીઓ વચ્ચે સંવાદિતાભર્યા સંબંધોમાં અશાંતિ ઉભી કરે છે.

**અભૌતિક સંસ્કૃતિ :**

તેમાં માનવીની જરૂરિયાતો માત્ર ભૌતિક અને સામાજીક નહિ પરંતુ આધ્યાત્મિક પણ હોય છે. ખોરાક, કપડાં રહેઠાણ મેળવવા ઉપરાંત માણસને ધર્મમાં શ્રધ્ધા હોય છે. અને તેને માર્ગદર્શન આપવા ઉપરાંત અંકુશમાં રાખવા માટે કેટલાંક ધોરણો તથા કાયદાની પણ જરૂર પડે છે. તેના નૈતિક આચરણ તથા વર્તણૂંકને અંકુશમાં રાખવા કેટલાક કાયદા તથા સદાચારના નિયમો હોય છે. ભાષા, સાહિત્ય, વિજ્ઞાન, કલા, કાયદો અને ધર્મ જેવાં પરિબળો અભૌતિક સંસ્કૃતિનાં આવશ્યક ઘટકો છે. અભૌતિક સંસ્કૃતિ ભૌતિક સંસ્કૃતિના જેટલી જ અનિવાર્ય છે. ઉ.દા. તરી

અવરજવરના કાયદા તથા નિયમો ન હોય તો મોટરગાડીના માલિક દ્વારા ગાડી ચલાવતાં ભયંકર અકસ્માત થઈ જાય. એવી જ રીતે પોતાના પરિવારની સંભાળ રાખવાની નૈતિક ફરજથી માહિતગાર ન હોય તો કોઈ શ્રીમંત માણસ પોતાને માટે તેની આવકમાંથી ઉડાઉ ખર્ચ કરે. તેથી કહી શકાય કે અભૌતિક સંસ્કૃતિ પ્રત્યેક માનવીના જીવનનો માર્ગદર્શક સિદ્ધાંત છે.

સભ્યતા :

સભ્યતા એટલે યંત્રો તથા ટેકનોલોજીનો વિકાસ એવો થાય છે ના માત્ર યંત્રો અને ટેકનોલોજી એવો અર્થ થતો નથી. સભ્યતા એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા નિશ્ચિત હેતુઓ સિદ્ધ કરવા માટેની રીતોમાં વિકાસ થાય છે. દા.ત. પ્રાચીન સમયની સિંધુખીણની સંસ્કૃતિમાં જેમ હડપ્પા અને મોહે જો દડો સંસ્કૃતિનો ઉલ્લેખ આવે છે. તે સમયે યંત્રઉદ્યોગ કે ટેકનોલોજીમાં વિકાસ થયો ન હતો. છતાં પણ તેમની નગરરચના ખૂબ જ પ્રખ્યાત હતી. હાલમાં ઉપયોગમાં આવે છે. તે ટેકનોલોજી પ્રાચીન કાળની ટેકનોલોજી કરતાંતદ્દન ભિન્ન હતી. ઉ.દા. તરીકે હાલમાં આપણી પાસે કોમ્પ્યૂટર, ટાઈપરાઈટર જેવા યંત્રો છે. જે પ્રાચીન કાળમાં અસ્તિત્વ ધરાવતાં ન હતા. પ્રાચીન સમયના માનવો તથા આધુનિક કાળના માનવો દ્વારા વાપરવામાં આવતી ટેકનોલોજી ના પ્રકારનો ભેદ દર્શાવવા આપણે અનેક ઉદાહરણો આપી શકીએ. પ્રાચીન સમયના માણસો અગ્નિ સળગાવવા માટે પથ્થરોનો ઉપયોગ કરતા હતા. પરંતુ વર્તમાન સમયમાં આપણે દિવાસળીનો ઉપયોગ કરીએ છીએ. અહીં પથ્થરો તથા દિવાસળીઓ સાધનો તરીકે ઓળખાય છે. અને 'અગ્નિ' ઉદ્દેશ છે. અગ્નિ પ્રગટાવવા માટે પથ્થરોમાંથી દિવાસળીનો વિકાસ થયો અને આ વિકાસમાંથી માનવોએ મેળવેલો સંતોષ તેને સભ્યતા કહેવામાં આવે છે.

તેથી 'સભ્યતા' શબ્દ ઉપયોગી વસ્તુઓનો મુખ્યત્વે કલાકૌશલ્ય અને ભૌતિક સાધનો જે તેના જીવનની સ્થિતિ સુધારવાના તેના પ્રયાસમાં માણસ દ્વારા બનાવવામાં આવ્યા છે. તેનો ઉલ્લેખ કરે છે. તે ઉપરાંત આ વસ્તુઓ હેતુ સિધ્ધ કરવાના સાધનો તરીકે કામ કરે છે. માણસને તેની એટલા માટે જરૂર છે કે તે વસ્તુઓનો ઉપયોગ કરીને તે કેટલોક સંતોષ પ્રાપ્ત કરી શકે છે.

**અતિ પરિચયથી અવજ્ઞા ન કરીએ**
**પણ સતત સિંચનથી સુંદરતાનો ઉઘાડ કરીએ**
**અમારામાં ખોવાઈ ન જઈએ,**
**પણ એકબીજા દ્વારા પોતાને પામીએ.**

## ''સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત''

પ્રા. એ. સી. પટેલ
અર્થશાસ્ત્ર

મહાત્મા ગાંધીજીની ૧૪૫ મી જન્મજયંતિ ૨ જી ઓક્ટોબર ૨૦૧૪ થી સ્વચ્છ ભારત અભિયાન ની શરૂઆત આપણા દેશના વડાપ્રધાન દ્વારા ખુદ હાથમાં ઝાડુ લઈને સફાઈ ઝુંબેશના શ્રીગણેશ કર્યા. અને સમગ્ર દેશને ઝાડું લગાવતાં કરી દીધા. અત્યાર સુધીમાં ઘણી સેલિબ્રિટીઓ તથા ઉદ્યોગપતિઓના વિવિધ વિસ્તારમાં ઝાડુ લગાવતા ફોટા અખબારો, ટી.વી. ના માધ્યમ દ્વારા જોવા મળ્યા !!!

આધુનિક સમયમાં જગતના દેશમાં ભારતને એક દેશ તરીકે નીચું જોવાનું કરાવતી જો મુખ્ય ચાર બાબતો હોય તો એ ગ થી શરૂ થતી બાબતો આ છે.

ગરીબી
ગોટાળા
ગીર્દી
ગંદકી

દેશમાં ચોમેર દેખાતી ગંદકી આપણો એક રાષ્ટ્રીય રોગ છે. આપણાં દેશનાં ગામડાઓ અને નાના મોટા શહેરો માં સ્વચ્છતાનો અભાવ નરી આંખે જોઈ શકાય છે. પ્રત્યેક નાગરિકમાં સફાઈ અને સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ હોવી જોઈએ તેનો અભાવ છે તે નરી વાસ્તવિકતા છે. ઊભરાતી ગટરો, ગંદકીથી ખદબદતી ખુલ્લી ખાડીઓ, નદીઓ, જાહેરમાં શૌચાલયો, રસ્તા પર ગંદકી અને રેલ્વે સ્ટેશનમાં દુર્ગંધ ફેલાતી ગંદકીની વાસ્તવિકતા નકારી શકાય નહિ. આવી તો ઘણી સમસ્યાઓ આપણી સમક્ષ પડકારરૂપ છે. આપણી કુટેવ માટે જવાબદાર કોણ? ઔદ્યોગિકરણને કારણે જે કચરો અને પ્રદૂષણો પેદા થઈને કુદરતી વ્યવસ્થાને અડચણ અવરોધક બની રહ્યું છે તેનું નિરાકરણ શું ? વિકાસના નામે જે વાયુ, જમીન અને જળનું પ્રદૂષણ થઈને લોકોનું સ્વાસ્થ્ય બગડી રહ્યું છે. જળચર પ્રાણીઓનું જીવન જોખમાઈ રહ્યું છે. પૃથ્વીનું સુરક્ષાકવચ એવા ઓઝોનવાયુ માં ગાબડું તેમજ પક્ષીઓના કલરવના સુંદરગીતો ગળામાં ગૂંગળાઈ રહ્યા છે. ત્યારે વ્યક્તિના માનસમાં રહેલા અનેક કચરાને દૂર કરી દેશના પડકારને પહોંચી વળવા પ્રતિજ્ઞાબધ્ધ થઈએ.

આ ગંદકી દૂર કરવાનો દ્રઢ નિર્ધાર કરવાનો સમય પાકી ગયો છે. આ સ્વચ્છતા અભિયાન ત્યારે જ સફળ થઈ શકે જ્યારે દેશનો દરેક નાગરિક આ માટે સજાગ બને અને સ્વયં જોડાય. જ્યાં સ્વચ્છતા છે ત્યાં પ્રભુતા છે. પ્રભુતા એટલે પવિત્રતા, પ્રભુતા એટલે નિરામય અને સુંદરતા. સૌને તંદુરસ્ત અને ગમે તેવું આલ્હાદક પર્યાવરણનું નિર્માણ સૌ ભેગા મળીને કરીએ. જે તંદુરસ્તી, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ અર્પે. અને એની શરૂઆત સ્વયંથી જ થઈ શકે. નિર્મળ ભારત આપણી સહિયારી જવાબદારી આપણે આપણી જગ્યાએ રહીને આપણે પોતે પોતાની જવાબદારી નિભાવવી જ રહી. શિક્ષણ વ્યવસ્થામાં શરૂઆતથી જ એવા વિષય ફરજીયાતપણે ભણાવવા જોઈએ જેથી વિદ્યાર્થી જવાબદાર નાગરિક તરીકે વર્તે.

અંતમાં નારાઓ અને અભિયાનોથી ભારત સ્વચ્છ થઈ શકતો નથી. તેના માટે જરૂરી છે લોકો પોતાની જવાબદારી સમજે અને નિખાલસતાથી અદા કરે. જબરજસ્તીથી કોઈપણ કાર્ય કરાવવું મુશ્કેલ છે કારણ કે નિયમ માણસને નબળો બનાવે. જ્યાં સુધી મનુષ્યના હૃદયના ઊંડાણમાંથી એ ભાવ પેદા ન થાય ત્યાં સુધી એક સા

સ્વચ્છતા કી ઔર ઉપાડવું પણ મુશ્કેલ છે. આ ભાવ ત્યારે જ શક્ય બને જ્યારે સ્વચ્છતા અને સુંદરતાનો ભાવ પોતાના હૃદયથી સમજે. જો આવું થશે તો આપણા દેશમાં વિકાસની દિશામાં આ મહત્ત્વપૂર્ણ કદમ બની રહેશે. આ સ્વચ્છતા અભિયાન, અભિયાન ન રહેતા સફાઈનું શિક્ષણ, આરોગ્યનું શિક્ષણ, કચરાની યોગ્ય નિકાલ વ્યવસ્થા અને આપણી રીતભાતમાં થોડુંક પરિવર્તન જો થશે તો અવશ્ય આ નિરામય ભારત વિકસિત અને સ્વચ્છ રાષ્ટ્રોની હરોળમાં ઉભો રહેશે એમાં કોઈ શંકા નથી. આ અભિયાનમાં બાધારૂપ નિરક્ષરતા, વસ્તી વિસ્ફોટ, જાગૃતિનો અભાવ અને સ્વયંભૂ સ્વચ્છતા અંગે વ્યક્તિ જીવનમાં જાગૃતિ લાવી શરૂઆત પોતાનાથી જ કરીએ.

અંતમાં સ્વચ્છભારત અભિયાનમાં આપણે સૌ સદ્ભાગી બનીને પ્રતિજ્ઞા કરીએ કે હું મારું ઘર, આંગણું, મહોલ્લો, ગામ અને દેશને હંમેશા સ્વચ્છ રાખીશ અને સ્વચ્છ ભારત અને સ્વસ્થ ભારતનું નિર્માણ કરીએ.

સોચ કો બદલો, સિતારે બદલ જાયેંગે,
નજર કો બદલો, નજારે બદલ જાયેંગે,
કસ્તિયાં બદલને કી જરૂરત નહીં હૈ,
દિશા કો બદલો, દશા બદલ જાયેંગી...

## સ્વ. મોહનકાકાની મન:સૃષ્ટિ એક કલ્પના

પ્રા. દક્ષાબેન પટેલ
હિન્દી વિભાગ

(૧) વિનોબાના ભૂમિદાન ના સંકલ્પને,
ચરિતાર્થ કર્યો મેં, રીત મારી હતી.
(૨) આદિવાસી યુવાધનના ઉત્કર્ષથી
રાજીપો અનુભવાતો
મુજ જીવનને સાર્થક કરતો
જઈ રહ્યો છું હું...
(૩) માર્ગમાં મળેલા ઝાઝેરાં કષ્ટોની પીડા ભૂલી જાઉં છું.
જ્યારે
કોલેજ પરિવારની લીલી વાડીને
કિલ્લોલતી જોઉં છું.
(૪) *ધન્યતા, સાર્થકતા જીવન તણી અનુભવી મેં*
ખરે જ! સેવા અને ત્યાગ થકી
રહસ્ય આ જ છે: અન્યને આપીને મેળવો
(૫) મારા જીવન થકી મળે સંદેશ તો મેળવો
સારૂ હોય, ગ્રહણ કરો, ત્યાજય ત્યાગો ભલે.
(૬) નિમિત્ત બન્યાનો ગર્વ છે, પ્રભુનું હતું, પ્રભુને ચરણે ધર્યું...

# विश्व पटल पर रामकथा का संदर्भ

डॉ. मुकेश पटेल

**विदेशो में रामकथा :**

भारतीय संस्कृति में रामकथा की व्यापकता का अनुमान इस बात से ही किया जा सकता है कि रामकथा न केवल भारत किन्तु निकटवर्ती एवं सुदूर के देशो की संस्कृति तथा साहित्य में भी रामकथा एक महत्वपूर्ण स्थान प्राप्त कर सकी है, रामकथा की एक धारा उत्तर की और फैल गई, इसका प्रमाण तो हमे तिब्वती तथा खोतानी राामयणो में भी मिलता है। यह सामग्री उपेक्षाकृत प्राचीन है। एक दूसरी धारा भारत से हिंदेशीया तक पहुंच गई थी और वहां से हिन्द चीन और इसके पश्चात श्याम तक तथा श्याम से वर्मा तक फैल गई थी। अन्त में पाश्चात्य वृत्तान्तों का भी किंचित् निरुपण करुंगा। रामकथा के पात्रों के नाम प्राय: संस्कृति रामायण के अनुसार ही दिये जायेंगे।

**क - तिव्वत - खोतान :**

**तिव्वती रामायण :**

बौद्ध रामकथा के निरुपण में अनामकं जातकम् तथा दशरथ कथानम् उल्लेख हुआ है, जिनका क्रमशः तीसरी और पांचवीं शताब्दी में चीनी भाषा में अनुवाद हुआ था। अत:रामकथा प्राचीन काल से उत्तर की और फैलने लगी थी। तिब्वती भाषा मेंभी अनेक हस्तलिपियाँ प्राप्त है जिनमें रावणचरित्र से लेकर सीता - त्याग और राम सीता संमिलन तक की समस्त कथा मिलती है, जो सम्भवत: आठवीं अथवा नवीं शताब्दी की है। अनन्तर विष्णु कनिष्टा के गर्भ से जन्म लेने की प्रतीज्ञा करते हैं। दशरथ की केवल दो पत्नियां है, विष्णु कनिष्ठा के गर्भ से जन्म लेते है और रामन कहलाते है, तीन दिन बाद विष्णु के पुत्र ज्येष्ठा से जन्म लेते है और उनका नाम लक्ष्मण रखा जाता है।

गुणभद्र के उत्तरपुराण की भाँति इनमें भी सीता रावण की पुत्री मानी जाती है। दशग्रीव के पटरानी के एक कन्या उत्पन्न होती है जिसके जन्मपुत्र में लिखा है की वह अपने पिता का नाश करेगी। फलस्वररुप वह समुद्र में फेंकी जाती है और बचने पर भारत के कृषकों द्रारा पाली जाती है, इसका नाम लीलावती है। लेकिन अन्य हस्तलिपियों में सीता नाम का भी उल्लेख है।

दो पुत्र में से किसे राज्य दिया जाय, अपने पिता की इस प्रकार की किंकर्तव्यविमुढता देखकर रामन स्वेच्छा से किसी आश्रम में तपस्या करने जाते है, और लक्ष्मण को राज्य दिलवाते है। कृषकों के अनोरोध से रामन तपस्या छोडकर लीलावती (सीता) से विवाह करते है, और उसके बाद राज्यशासन ग्रहण करते हैं।

गुणभद्र में सीता का हरण राजधानी के पास अशौकवन से हुआ था। तिब्वतीय रामयण में भी ऐसा प्रतीत होता है, क्योंकी इसका वर्णन वनवास के बाद मिलता है। उस वर्णन में विशेषता यह है की रावण सीता का स्पर्श नहीं करता तथा जटायु को रक्त से सने पथ्थर खिलाकर मार डालता है।

अनन्तर सीता की खोज वानरों से मैत्री, हनुमान का प्रेषण आदि रावण - वध तक का वर्णन मिलता है। इसमें निम्नलिखि विशेषताएँ पाई जाती है, बालि - सुग्रीव द्वन्द्व में माला के स्थान पर सुग्रीव की पुच्छ में दर्पण बांधा जाता है, हनुमान आदि एक दुसरे की पुच्छ पकडकर स्वयंप्रभा की गुफा में प्रवेश करते है, रावण का मर्मस्थान उसका अंगुठा बताया गया है।

उत्तरकाण्ड से सम्बन्ध रखने वाली सामग्री (धोबी के कारण सीता त्याग, कुश की वाल्मिकी द्वारा सृष्टि तथा अन्त में राम - सीता सम्मिलन) कथा - सरित्सागर के अनुसार है, अन्तर यह है की लव तथा कुश का जन्म सीता त्याग के पूर्व होता है।

**खोतानी रामायण :**

खोतान की रामकथा जो नवीं शताब्दी ई० की मानी जाती है, तिब्वती रामायण से बहुत कुछ मिलती - जुलती है। क्योंकी एक और तिब्वती तथा खोतानी रामायण एकदुसरे का एकमात्र आधार नहीं हो सकते है, क्योंकी एक ओर तिब्वती रामायण का उत्तररामचरित्र खोतानी रामायण में नहीं पाया जाता है और दूसरी और खोतानी रामायण में अनेक वृत्तान्त मिलते है, जिनका तिब्वती रामायण में अभाव है।

तिब्बती तथा खोतानी रामायण की निम्नलिखित बातों में समानता पाई जाती है -

राम तथा लक्ष्मण, केवल दों भाईयो का उल्लेख।

सीता (दशग्रीव) की पुत्री का जन्म - कथा।

वनवास के समय सीता का विवाह।

रावण जटायु को रक्त से सने पत्थर खिलाता है।

द्वन्द्व युद्ध के समय विजेता वानर की पूछ में दर्पण बांधे जाने की कथा।

रावळ के मर्मस्थान का उल्लेख।

खोतानी रामायण की निम्नलिखित विशेषताएँ तिब्बती रामायण में नहि मिलती :

[illegible] प्रभाव :

प्रारंभ में एक बौद्ध प्रस्तावना दी गई है, जिसमें शाक्यमुनि द्वारा बौद्ध धर्म के प्रचार का उल्लेख है। जातकों की शैली [illegible] महात्मा बुद्ध वक्ता है तथा अन्त में रामकथा तथा बौद्ध ईतिहास के पात्रो की अभिव्रता प्रकट करते है। रामकथा के समय बुद्ध राम [illegible] लक्ष्मण खोतानी रामायण में अवतारवाद का उल्लेख नहीं हुआ है। बौद्ध प्रभाव के कारण राम की चिकित्सा बौद्ध वैद जीवक को [illegible] में अत्यन्त प्रसिद्ध है) बुलाया जाता है, तथा आहत रावण का वध नहि किया जाता है।

रावणचरित के बाद अर्जुन कार्त्तवीर्य सहस्त्रवाहु तथा परशुराम की कथा मिलती है, लेकिन इसमें राम दशरथि तथा [illegible] कथा का मिश्रण हुआ है। दशरथ का पुत्र सहस्त्रबाहु परशुराम के पिता की धेनु चुराता है, जिसके कारण परशुराम सहस्त्रबाहु को [illegible] सहस्त्रवाहु के दो पुत्र राम और लक्ष्मण होते हैं, उनकी माता दोनों को बारह वर्ष तक पृथ्वी में छिपाती है और इसके बाद राम परशुराम [illegible] है। राम और लक्ष्मण दोनों वन में निवास करते है (निर्वासन का कारण नहि दिया गया है) तथा दोनों सीता से विवाह करते है। यह [illegible] बहुपतित्व की प्रथा का प्रभाव है। सीताहरन के वृतान्त में सीता के रक्षणार्थ कुटी के चारो ओर रेखाएँ खींची जाने का उल्लेख [illegible] - वृतान्त का परिवर्तित रुप। सेतुबन्ध के समय काश्मीरी रामायण से मिलता - जुलता एक वृतान्त मिलता है, जिसमें नल के फेंके [illegible] डूबने का कारण बताया गया है। आहत रावण कर चुकाने की प्रतिज्ञा करता है और उसको बचाया जाता है। अन्त में सीता के [illegible] तथा सीता के भूममि प्रवेश का निर्देश मिलता है।

इन विशेषताओं के कारण तिब्बती रामायण खोतानी रामायण का आधार नहि हो सकता है। महानाटक की रामकथा में [illegible] रेखाएँ खीची जाने का तथा रावण के वैद्य सुषेण के बुलाये जाने का उल्लेख हुआ है तथा काश्मीरी रामायण में भी नल [illegible] है। अतःखोतानी रामायण के अधिकांश वाल्मीकी से भिन्न वृत्तान्त भारत में भी पाये जाते है। यह चतुर्थ भाग के विश्लेषण [illegible]

[illegible]

[illegible] हिन्देशिया में रामकथा प्राचीन काल से विदित है, इसका प्रमाण नवमी शताब्दी के एक शिव-मनन्दिर के शीला चित्रों से [illegible] तथा मलय में एक विस्तृत राम साहित्य की रचना की गई है, जिसमें रामकथा के दो भिन्न रुप मिलते है : (१) जावा के [illegible] जो वाल्मीकीय कथा के अधिक निकट [illegible] जिसमें वाल्मिकी से बहुत भिनता पाइ गई है। इन दोनों रुपो का प्रस्तुत परिच्छेद में अलग वर्णन किया जाता है। उनकी [illegible] उसमें राम भक्त का भाव नहि आया है। जावा के प्राचीनतम रामायण के रचयिता शैव थे तथा जिन दो मनन्दिरों में [illegible] चित्र माला हे वे भी दोनों शिव मन्दिर है। हिन्देशिया की प्राचीनतम राम सम्बन्धी साहित्यिक रचना रामायण ककविन [illegible] मानी जाती है। आधुनिकतम खोज से सिद्ध हुआ है की योगीश्वर इसके रचयिता नहि है। रामायण ककविन का [illegible] अनुवाद से पता चलता है की इसका मुख्य आधार भटिट्काव्य है। ग्याहरवें अध्याय में भटिट्काव्य के कथानक की [illegible] उल्लेख हुआ है वे अभ रामायण ककविन में भी पाई गई है। प्रसंभिक बारह सर्गो का विभाजन भट्टिकाव्य के अनुसार

हुआ है। अन्तर यह है की भटिटकाव्य का नवों अध्याय रामायन ककविन के नवें तथा दशवें अध्याय में विभक्त किया गया जह-। युद्ध के वर्णन मे रामायण ककविन अधिक विस्तार में जाता है, जिससे भटिट्काव्य की २२ सगों की सामग्री २६ सर्गो में दी गई है। दोनों रचनाओ में युद्धकाण्ड की कथा तक का वर्णन किया गया है। फिर भी भटिट्काव्य इसका एकमात्र आधार नहि है। अभिषेक नाट्य तथा महानाटक के वृत्तान्त के अनुसार राम सीता को निरुत्साहित करने के लिए राम तथा लक्ष्मण दोनो का मायामय शीर्ष दिखलाता है। गुणभद्र में एक पत्र की कल्पना इतनी स्वभावकि है की इसके कारण गुणभद्र का प्रभाव मानना अनावश्यक है। काकविन की दो अन्य विशेषताएँ अन्यत्र नहीं मिलती। शबरी राम से अपनी कथा सुनाती हुई कहती है की विष्णु ने वाराहावतार में मेरी माला खाई थी और मर गये थे, तब मैने उनकी लाश खाई थी ओर फलस्वरूप मेरा मुँह काला हो गया है। अनन्तर वह राम से अनुरोध करती है की वह उसका मुँह पोंछकर उसे शुध्ध करे। इसके अतिरिक्त ईन्द्रजीत की सात पत्नियों का उल्लेख है, जो अपने पति की ओर से युद्ध करती है और रणभूळमि में मारी जाती है। रामायण ककविन की एक अन्तिम विशेषता त्रिकटा का अपेक्षाकृत महत्वपूर्ण स्थान है। जावा में एक प्राचीन उत्तरकाण्ड भी मिलता हैजिसमे वाल्मीकिय उत्तरकाण्ड की कथा का गद्य में वर्णन किया गया है। इसके अतिरिक्त एक चरित रामायण (अथवा कवि जानकी) भी पाया जाता है जिसके १०१ श्लोको में रामायण के पृप्रथम ६ काण्डों की कथा के साथ व्याकरण के उदाहरण भी दिये गये है। अत: उस रचना पर भी भटिटकाव्य का प्रभाव स्पष्ट है। हिमांशुभूषण सरकार जावा की प्राचीन भाषा (कववि) की तरी और रचनाओं का उल्लेख करते है। ११ वीं शताव्दी का सुमन शांतक ककविन जिसका वर्ण्य विषय है इन्दुमती का जन्म, आज से उसका विवाह तथा दशरथ का जन्म। प्राचीन उतरकाण्ड पर आधारित हरिश्रय ककविन जिसमें विष्णु द्वारा माली तथा माल्यवान का वध वर्णित है। अर्जुनविजय जिसकी आधिकारिक कथावस्तु अर्जुन सहस्त्रबाहु द्वारा रावण की पराजय है। जावा का आधुनिक सेरत राम भी रामायण ककविन की भाँति वालल्मिकीय कथा से बहुत कुछ मिलता जुलता है। प्रारम्भ में राम - वरित्र का वर्णन दिया गया है, मध्य जावा के परमबनन नामक स्थान पर नवीं शताव्दी ई० का एक शिव मन्दिर है।इस मन्दिर के चारों और की उंची दीवारों पर रामायण की समस्त घटनाओ को शिलाचित्रों में अंकित किया गया है। इसमें जिस रामकथा का वर्णन किया गया है वह बहुत कुछ वाल्मिकीय कथा से मिलती जुलती है। अनेक गौण बातों में अवश्य रामायण ककविन से भिन्नता पाई जाती है, लेकिन हिन्दोशिया की अर्वाचीन रामकथा की अधिकांश विशेषताओ का इसमें निर्देश नहि मिलता है। सेरी राम के अनुसार भरत सीताहरण के बाद ही राम से मिलकर उनकी पादुकाएँ अयोध्या ले जाते है किन्तु परमबनन में भरत मिलाप का स्थान रामायण कविन के अनुसार सीताहरण के पूर्व ही माना गया है। वाल्मीकीय रामायण से जो किंचित विभिन्नता इसमें है, इसका प्राय: भारत में भी उल्लेख पाया जाता है।



આસી. પ્રા. એસ. બી. પટેલ (નિવૃત્તિ વિદાય સમારંભ)

## સરિતા ગાયકવાડ : યુનિ. એથ્લેટીક્સ ચેમ્પિયન














## રાષ્ટ્રીય સંગોષ્ઠી : સંસ્કૃત







## રાષ્ટ્રીય પર્વની ઉજવણી

## બેટી બચાવો







# NCC














# NSS

## બ્લડ ડોનેશન કેમ્પ

## મેડીકલ ચેકઅપ













# વાર્ષિકોત્સવ









## મીડ સમર નાઈટ ડ્રીમ્સની ઉજવણી









## કારકિર્દી માર્ગદર્શન

## વ્યાખ્યાન માળા







## કોલેજ પરિવાર
## (૨૦૧૫-૨૦૧૬)



# પ્રવૃત્તિની પગદંડી

## સાંસ્કૃતિક સમિતિ ૨૦૧૫-૧૬

પ્રા. નયના કે. નાયક
અધ્યક્ષ
પ્રા. રમીલા બી. નાયક
સહાધ્યક્ષ

વિદ્યાર્થીમાં રહેલી દરેક પ્રકારની સુષુપ્ત શક્તિઓને બહાર લાવી તેમને સાહિત્ય, સંગીત, ચિત્ર, નૃત્ય, ઈત્યાદિ કલા પ્રત્યે વિશેષ રૂચિ જાગે. વિદ્યાર્થીઓના સમગ્ર વ્યક્તિત્વને વિકસવાની તક મળે તે હેતુથી સમગ્ર ... દરમિયાન શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ થતી હોય છે. વિદ્યાર્થી જીવનમાં શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ પણ વિશેષ મહત્વ ધરાવતી ... છે. આવા જ શુભહેતુથી ગુજરાત સરકાર દ્વારા ''સપ્તધારા''નું આયોજન થયું છે. વિદ્યાર્થી પોતાની મનગમતી ...માં જોડાય જેથી તેનો આત્મવિશ્વાસ વધે. તે પોતાના ધ્યેયને સિધ્ધ કરી શકે. આવી સપ્તધારાઓમાંની એક ગીત - સંગીત - નૃત્ય ધારા સાથે સંલગ્ન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાંસ્કૃતિક સમિતિ દ્વારા આયોજિત થાય છે, જેમાં ભાગ લઈ વિદ્યાર્થીઓ પોતાના આત્મતેજને વધારતા હોય છે. આવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રહેનારા વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓની ઝાંખી અહીં પ્રસ્તુત છે.

તા. ૧-૮-૨૦૧૫ થી ૧૪-૮-૨૦૧૫ દરમિયાન ગુજરાત સરકારશ્રીના આદેશ અનુસાર મુખ્યમંત્રી ...ય શ્રીમતી આનંદીબહેન દ્વારા નિર્ધારિત કાર્યક્રમોમાં મહિલા સશક્તિકરણ પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને મહિલાઓ માટે સરકારશ્રી દ્વારા લોન્ચ કરવામાં આવેલ સાઈટ વિશે માહિતિ ...વી. મહિલાઓએ સ્વરક્ષણ માટે સશક્ત બનવા કેવાં પગલાં લેવા જોઈએ તથા કેવા પ્રકારના ગૃહઉદ્યોગ કરી ...ય, વ્યવસાયલક્ષી સજ્જતા કેળવવા શું કરવું જરૂરી છે તે અંગે પ્રા. નયના નાયક, પ્રા. દીનેશ રાઠોડ તથા પ્રા. ... દેસાઈ અને પ્રા. ડૉ. જયમલ નાયકે માર્ગદર્શન આપ્યું.

તા. ૭-૮-૨૦૧૫ ના મહિલા શિક્ષણ દિવસે સ્વબળે પ્રગતિ સાધી સમાજને માટે દિશાચિહ્નરૂપ ...નાર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું.

તા. ૧૪-૮-૨૦૧૫ ના દિને દેશને આઝાદી અપાવનારા શહીદોને યાદ કરી શબ્દપ્રેમને જગાડનારા દેશભક્તિગીતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. બહોળી સંખ્યામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓમાં કૃતિકા આહીર (M.A.) (સંસ્કૃત) માં પ્રથમ, પ્રિયંકા ચૌધરી (TBA) દ્વિતીય તથા કમલ પટેલ (TBA) અને ડિમ્પલ વાંસીયા (T.B.Com.) તૃતીય ક્રમે વિજેતા રહ્યા.

તા. ૯-૯-૨૦૧૫ ના દિને સ્વયંસંચાલન દિનની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ સાથે શિક્ષણ વ્યવસ્થાપન અંગેનું પ્રાયોગિક જ્ઞાન પુરું પાડવામાં આવ્યું. FBA થી M.A / M. Com. સુધીના વર્ગોનું શિક્ષણકાર્ય ...માં ૩૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

નવરાત્રિના દિવસોમાં માતાજીના ગરબા સાથે નવરાત્રિની રંગેચંગે ઉજવણી કરવામાં આવી. તથા નવા વર્ષને ... વિદ્યાર્થીએ આનંદ ઉલ્લાસભેર વધાવી ઉજવણી કરવામાં આવી.

તા. ૯-૧-૨૦૧૬ થી ૧૦-૧-૨૦૧૬ દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. યુવક મહોત્સવમાં કોલેજના વિદ્યાર્થીઓએ સમુહગીત, સમુહનૃત્ય, શાસ્ત્રીય ગાયન, શાસ્ત્રીય નૃત્ય, હળવું કંઠ્યસંગીત, એકપાત્રીય અભિનય, ચિત્રકલા, હસ્તકલા, કાવ્યપઠન, નવલિકા લેખન સ્પર્ધામાં ભાગ લઈ પ્રસંશનીય દેખાવ કર્યો.

તા. ૧૫-૧-૨૦૧૬ થી ૨૯-૧-૨૦૧૬ દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ ડે ની ઉજવણી કરી. સમાજસેવા, બ્લડ ડોનેશન, વર્ગશણગાર સફાઈ પતંગ મહોત્સવ આદિ કાર્ય દ્વારા નેતૃત્વની તાલીમ સાથે આનંદ પણ મેળવ્યો.

રાષ્ટ્રીય પર્વ તા. ૨૬-૧-૨૦૧૬ ના પ્રજાસત્તાક પર્વની રંગેચંગે ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થીઓએ અંગ્રેજી, ગુજરાતી, હિન્દી તથા સંસ્કૃત ભાષામાં કાવ્યવાંચન કરી અનોખી રીતે રાષ્ટ્રભક્તિ કરી.

તા. ૨૮-૧-૨૦૧૬ ના દિને BISAG - SANDHAN ની માહિતી વિદ્યાર્થી સુધી પહોંચાડવા માટે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીના આદેશાનુસાર સરકારી કોલેજ, ખેરગામના આચાર્ય શ્રી ડૉ. સંજયભાઈ પટેલ, પ્રા. ધર્મેન્દ્રભાઈ પટેલ, પ્રો. યોગેશભાઈ એ કોલેજની મુલાકાત લઈ BISAG વિશે વિસ્તૃત માહિતિ આપી. તેનો વિશેષ લાભ લેવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો.

તા. ૪-૩-૨૦૧૬ ના દિને વિમલ ઉચ્ચતર કેળવણી મંડળના નવયુવા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દર્શનભાઈના અધ્યક્ષ સ્થાને વાર્ષિક સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું. સમારંભના ઉદ્‌ઘાટક હતા સી. પી. ડિગ્રી કોલેજ ઓફ ફિઝીકલ એજ્યુકેશન, રાજપીપળાના ડૉ. છગનભાઈ અતિથિ વિશેષપદે હતા. શ્રી એમ. કે. ગુર્જર (પી. આઈ., ચીખલી) તથા પીપલખેડની શાળાના શિક્ષક શ્રી ગણપતભાઈ મહાલા, વાર્ષિકોત્સવના દિને કોલેજના તારલાઓને સન્માનિત કરનારા મહાનુભાવોમાં વડીલ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ તથા શ્રી જગાભાઈ અને શ્રી ગુલાબભાઈ પણ ઉપસ્થિત હતા. સૌ મહેમાનોએ કોલેજને પ્રગતિ અને સિધ્ધિ અપાવનારા વિદ્યાર્થીઓની શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ સાથે શૈક્ષણિક સિધ્ધિઓને બિરદાવી હતી. ચાલુ વર્ષે પણ કોલેજની દોડવીરાંગના સરિતા ગાયકવાડે યુનિવર્સિટીમાં જ નહિ પણ દેશમાં પણ ચીખલી કોલેજને ગુંજતી કરી. ઈતિહાસ વિષયની વિદ્યાર્થીનીએ યુનિવર્સિટી પરીક્ષામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. N.C.C., N.S.S., સપ્તધારા, રમતગમત, આદિ ક્ષેત્રે પ્રસંશનીય દેખાવ કરનારા વિદ્યાર્થીઓનું સન્માન કરી બિરદાવવામાં આવ્યા.

અંતમાં વિદ્યાર્થીઓએ ગુજરાતગીત, દેશભક્તિગીત, લોકનૃત્ય, હળવું કંઠ્ય સંગીત, તથા ફિલ્મી ગીતો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો.

સમગ્ર વર્ષ દરમિયાન દરેક સ્ટાફ સભ્યોએ સક્રિયપણે દરેક કાર્યને પાર પાડવામાં સહયોગ આપ્યો. આચાર્યા ડૉ. ફાલ્ગુની બેન દેસાઈ તથા તત્કાલીન ઈન્ચાર્જ અચાર્ય ડૉ. મુકેશભાઈ પટેલે પ્રેરણા પૂરી પાડી, દરેક કાર્યને સફળ નેતૃત્વ પૂરું પાડયું.

## સપ્તધારા

**સંયોજક – પ્રા. રમીલા બી. નાયક**

ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના કેસીજી અંતર્ગત સપ્તધારા પ્રકલ્પ શરૂ કરવામાં આવેલ છે. શાળા- મહાશાળાનો વિદ્યાર્થી તેની બહુવિધ ક્ષમતા સાથે દરેક ક્ષેત્રમાં સજ્જતા કેળવે અને પ્રવર્તમાન વૈશ્વિક સ્પર્ધામાં વધુબળવત્તર બની પોતાના પુરુષાર્થ વડે પ્રગતિના સોપાન સર કરે; એવા સુભાશયથી ઉચ્ચશિક્ષણક્ષેત્રે જ્ઞાનની સાતધારાઓ શરૂ કરવામાં આવી છે. સપ્તધારા અંતર્ગત વર્ષભર થયેલ પ્રવૃત્તિઓની તાસિર અહીં પ્રસ્તુત છે.

જ્ઞાનધારા : અધ્યક્ષ : પ્રા. દક્ષાબેન પી. પટેલ

તા. ૨૧-૯-૨૦૧૫ હિન્દી દિવસ નિમિત્તે હિન્દી કાવ્ય પઠન સ્પર્ધા

| | | |
|---|---|---|
| પ્રથમ ક્રમ | - પટેલ તનુજા બી. | - એમ.એ. |
| દ્વિતીય ક્રમ | - શેખ અસ્મા એ. | - એમ.એ. |
| તૃતીય ક્રમ | - પટેલ હેતલ એ. | - એમ.એ. |

તા. ૨૨-૯-૨૦૧૫ ગીતા જયંતિ નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા તથા સંસ્કૃત શ્લોકગાન સ્પર્ધાનું આયોજન

| | | | |
|---|---|---|---|
| વક્તૃત્વ સ્પર્ધા : | પ્રથમ ક્રમ | - શાહ જીનલ એ. | - એસ.બી.કોમ. |
| | દ્વિતીય ક્રમ | - પટેલ હાર્દિક ડી. | - એમ.કોમ. |
| | તૃતીય ક્રમ | - ખેરનાર અંકિશા એસ. | - ટી.બી.કોમ. |
| [illegible] | પ્રથમ ક્રમ | - રવિ એન. પટેલ | - એમ.એ. |
| | દ્વિતીય ક્રમ | - કૃતિકા આર. આહીર | - એમ.એ. |
| | તૃતીય ક્રમ | - વિનોદ એ. ચૌધરી | - એમ.એ. |

J.C.I. સંસ્થા દ્વારા મારા સ્વપ્નનું ભારત વિષય ઉપર કોલેજમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં [illegible] ચોર્યાસી તાલુકાની જુદી જુદી સંસ્થાના સ્પર્ધકોએ ભાગ લીધો. આ સ્પર્ધામાં કોલેજની વિદ્યાર્થીની શાહ [illegible] પ્રથમ ક્રમે વિજેતા બન્યા. તથા રાજ્યકક્ષાએ ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો.

[illegible] હેઠળ યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધામાં

| | | |
|---|---|---|
| પ્રથમ ક્રમ | - પટેલ ધવલ યુ. | - એમ.કોમ. |
| દ્વિતીય ક્રમ | - શાહ જીનલ એ. | - એસ.બી.કોમ. |
| તૃતીય ક્રમ | - ખલીફા સોહેલ એ. | - એમ.કોમ. |

- નહેરૂ યુવાકેન્દ્ર દ્વારા આયોજિત તાલુકા કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં

| | | |
|---|---|---|
| પ્રથમ ક્રમ | - પટેલ તનુજા બી. | - એમ.એ. |
| દ્વિતીય ક્રમ | - શેખ અસ્મા એ. | - એમ.એ. |
| તૃતીય ક્રમ | - પાઢેર કુમુદ | - એમ.એ. |

તા. ૨૮-૧-૨૦૧૬ ના રોજ વીર નર્મદ દ. ગુ. યુનિ. વિસ્તરણ વ્યાખ્યાયન માળાના અન્વયે ડૉ. ભાવના ચાંપાનેરી, સંસ્કૃત વિભાગ, એમ.ટી.બી. આટ્ર્સ કોલેજ નું વ્યાખ્યાન ઉપનિષદ રહસ્ય પર રાખવામાં આવ્યું.

તા. ૨૩-૨-૨૦૧૬ ના રોજ વીર નર્મદ દ. ગુ. યુનિ. વિસ્તરણ વ્યાખ્યાન માળા હેઠળ ઝેડ.એફ.વાડિ વિમેન્સ કોલેજ, સુરતના કોમર્સ વિભાગના અધ્યાપક શ્રી બી.બી.ભંડારીનું હિસાબી ધોરણ મુજબનું રોકડ પ્રવાહનું વિષય પર વ્યાખ્યાન રાખવામાં આવ્યું.

- **સામુદાયિક સેવાધારા :** અધ્યક્ષ : પ્રા. ડી. એસ. રાઠોડ

તા. ૧૧-૧૦-૨૦૧૫ ના રોજ શારદા ફાઉન્ડેશન ચીખલી દ્વારા ચીખલી તાલુકાની વિધવા બહેનો મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૩૨૫૦ જેટલી વિધવા બહેનોનું ફ્રી ચેકઅપ કરવામાં આવ્યું.

- **ગીત - સંગીત નૃત્યધારા :** અધ્યક્ષ : પ્રા. નયના કે. નાયક

તા. ૧-૮-૨૦૧૫ થી ૧૪-૮-૨૦૧૫ દરમિયાન મહલિા સશક્તિકરણ પખવાડિયાનું અયોજન કરવામાં આ તા. ૭-૮-૨૦૧૫ મહિલા શિક્ષણ દિવસે મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું. તા. ૧૪-૮-૨૦૧૫ ના રોજ દેશભક્તિ સ્પર્ધાનું આયોજન થયું.

| | | |
|---|---|---|
| પ્રથમ ક્રમ | - કૃતિકા આહીર | - એમ.એ. |
| દ્વિતીય ક્રમ | - પ્રિયંકા ચૌધરી | - એમ.એ. |
| તૃતીય ક્રમ | - કમલ પટેલ | - એમ. એ. |
| તૃતીય ક્રમ | - ડિમ્પલ વાંસીયા | એમ. એ. |

નવરાત્રિ ઉત્સવ દરમિયાન માતાજીના ગરબાનું આયોજન થયું. તા. ૧-૧-૨૦૧૬ થી ૪-૧-૨૦૧૬ દરમિ ગીત - સંગીત નૃત્ય કાર્યશિબિરનું આયોજન કર્યું. જેમાં શ્રી નિલેશ પટેલ તથા શ્રી કલ્પેશ પ્રજાપતિએ વિદ્યાર્થીઓને તા આપી.

તા. ૯-૧-૨૦૧૬ તથા ૧૦-૧-૨૦૧૬ ૪૩ માં યુનિ. યુવક મહોત્સવમાં હળવું કંઠય સંગીત, સમૂહગીત લોકનૃત્યમાં કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

તા. ૨૮-૧-૨૦૧૬ ના દિને પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓએ અંગ્રેજી, હિન્ સંસ્કૃત ભાષામાં કાવ્યપઠન કરી રાષ્ટ્રભક્તિ માટે પ્રોત્સાહિત કર્યા.

- **સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા :** અધ્યક્ષ : પ્રા. મીનુ દેસાઈ

માતૃભાષા ગૌરવદિનની ઉજવણીના ભાગરૂપે ગુજરાતી લેખકો - કવિઓ ના ચિત્રો તથા પરિચય, ગુજરા કહેવતો, સુવિચાર તથા વ્યાકરણના નિયમોના ચાર્ટ્સ બનાવી ભીંતપત્રો દ્વારા પ્રદર્શીત કરવામાં આવ્યા.

**• રંગકલા કૌશલધારા :** અધ્યક્ષ : પ્રા. ઈન્દુબેન પટેલ

તા. ૧૧-૨-૨૦૧૬ ના રોજ ચિત્રસ્પર્ધાનું અયોજન કરવામાં આવ્યું.

પ્રથમ ક્રમ - રાઠોડ યશકુમાર
દ્વિતીય ક્રમ - પટેલ જગદીશ
તૃતીય ક્રમ - પટેલ સંદીપ
તૃતીય ક્રમ - પટેલ અમીષા

તા. ૧૧-૨-૨૦૧૬ ના રોજ રંગોળી સ્પર્ધાનું આયોજન થયું.

પ્રથમ ક્રમ - ચૌધરી વિબનોદ એ.
દ્વિતીય ક્રમ - શુકલા સુપમા સભાપતી
તૃતીય ક્રમ - પટેલ દિવ્યા વી.

**• નાટ્યધારા :** અધ્યક્ષ : પ્રા. શંકરભાઈ પટેલ

તા. ૨-૩-૨૦૧૬ ના રોજ અંગ્રેજી નાટક મીડ સમર નાઈટ ડ્રીમ્સની ભજવણી બી.એ.સેમ. ૬ ના અંગ્રેજી વિષયના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી.

**• વ્યાયામ, યોગ ખેલકૂદધારા :** અધ્યક્ષ : પ્રા. જયમલ નાયક

તા. ૨૧-૬-૨૦૧૫ ના રોજ યોગ દિવસ નિમિત્તે યોગની તાલીમ આપવામાં આવી.

- ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. એથલેટીકસ સ્પર્ધામાં પંજાબ યુનિ. પતિયાલા મુકામે ૪૦૦ મી. દોડ ૫૬.૩૦ સેકન્ડમાં પૂર્ણ કરી કોલેજની વિદ્યાર્થીની સરિતા ગાયકવાડે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો.
- સરિતા ગાયકવાડે કેન્દ્ર સરકારના યુવક કલ્યાણ અને રમત ગમત મંત્રાલય અને જમ્મુ કાશ્મીર રાજ્ય સરકાર દ્વારા રાજીવ ગાંધી ખેલ અભિયાન અંતર્ગત નેશનલ લેવલ મહિલા એથલેટિક્સ સ્પર્ધામાં ૪૦૦ મી. દોડ ૫૭.૮૪ સેકન્ડમાં પૂર્ણ કરી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો.
- સરિતા ગાયકવાડે ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલમહાકુંભ ૨૦૧૫ -૨૦૧૬ માં એથલેટિક્સ માં ૨૦૦ મી., ૪૦૦ મી. દોડ, ૪૦૦ મી. હર્ડલ્સ ૪ X ૪૦૦ મી. રીલે દોડમાં ગોલ્ડ મેડલ અને ૪ X ૧૦૦ મી. દોડમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી કુલ ૪ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે.
- વીર નર્મદ દ. ગુ. યુનિ. ઈન્ટર કોલેજ સાયકલીંગ સ્પર્ધા બહેનોમાં વી.એસ.પટેલ કોલેજ બીલીમોરા મુકામે આપણી કોલેજની ટીમે તૃતીય ક્રમ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.
- પ્રિયંકા બી. પટેલ (એસ.બી.કોમ.) એ વીર નર્મદ દ. ગુ. યુનિ. ખોખો ટીમમાં પસંદગી પામી મુંબઈ યુનિ. મુંબઈ મુકામે સ્પર્ધામાં ભાગ લઈ ઉત્તમ દેખાવ કરેલ છે.
- ખેલ મહાકુંભ ૨૦૧૫-૧૬ માં જિલ્લા - કક્ષાએ એથલેટીક્સમાં કોલેજના વિદ્યાર્થી ભાઈ - બહેનોએ ઉત્કૃષ્ટ દેખાવ કરી વિવિધ ઈવેન્ટમાં વિજેતા બન્યા.
- ૪૩ માં વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સમાં ૨૦૧૫-૧૬ માં કોલેજની ટીમ રનર્સ-અપ બની છે.
- કોલેજની વિદ્યાર્થીની સરિતા ગાયકવાડ ૧૦૦ મી., ૨૦૦ મી. અને ૪૦૦ મી. દોડમાં નવો યુનિ. રેકોર્ડ બનાવી વ્યક્તિગત ચેમ્પિયન બની છે.

સપ્તધારાની દરેક ધારાના ચેરમેનશ્રીઓએ વર્ષભર વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓના આત્મતેજને વધારવાનો પ્રયત્ન કર્યો. કોલેજના આચાર્યા ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ દ્વારા સતત પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન મળતું રહ્યું.

## NCC અહેવાલ ૨૦૧૫-૨૦૧૬

શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન NCC ના વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતું કોષ્ટક :

| | F.Y.B.A./B.COM. | S.Y.B.A./B.COM. | T.Y.B.A./B.COM. | Strength of cdts. |
|---|---|---|---|---|
| SD | 30 | 30 | 16 | 76 |
| SW | 18 | 07 | 6 | 31 |
| TOTAL | 48 | 37 | 22 | 107 |

વિદ્યાર્થીઓને NCC માં તાલીમ આપવામાં આવે છે, જે ભવિષ્યમાં સફળ, ખુશ, સમૃધ્ધ જીવન જીવવા અને એકબીજાને મદદ થવાની ભાવના માટે તાલીમ આપવામાં આવે છે. NCC ની તાલીમમાં વેપન ડ્રીલ, હથિયારોની ઓળખ, પ્રાથમિક ઉપચાર, સ્વાસ્થ્ય શિક્ષણ, સ્વચ્છતા, સંચારતંત્ર, મેપરીડીંગ વગેરે શીખવવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને જીવનમાં આત્મગૌરવ અને આત્મવિશ્વાસમાં વધારો કરે છે. જીવનમાં આગળ વધવા વિદ્યાર્થીઓને NCC તાલીમ ખૂબ જ મહત્વ ધરાવે છે.

(૧) આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦ મી જુન ૨૦૧૫ નિમિત્તે કોલેજમાં ૧૫-૬-૨૦૧૫ થી ૧૯-૬-૨૦૧૫ સુધી યોગની તાલીમ આપવામાં આવી હતી. જેમાં NCC ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક યોગની તાલીમ લીધી હતી.

(૨) નવસારી એગ્રીકલ્ચર યુનિ. ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦ મી જુન ૨૦૧૫ ની ઉજવણી નિમિત્તે કોલેજના NCC ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

(3) CATC કેમ્પ તા. ૨૭-૬-૨૦૧૫ થી તા. ૬-૭-૨૦૧૫ દરમિયાન બરોડા મુકામે યોજાયો હતો. જેમાં ૧૦ SD કેડેટોએ ભાગ લીધો હતો.

(૪) CATC - III (Pre - Tsc - ii) કેમ્પ તા. ૯-૭-૨૦૧૫ થી તા. ૯-૭-૧૫ દરમિયાન બરોડા મુકામે યોજાયો હતો. જેમાં ૫ SD અને ૫ SW કેડેટોએ ભાગ લીધો હતો.

(૫) આર્મી એટેચમેન્ટ કેમ્પ તા. ૨૩-૭-૨૦૧૫ થી તા. ૬-૮-૨૦૧૫ દરમિયાન જામનગર મુકામે યોજાયો હતો. જેમાં આપણી કોલેજના ૬ SD કેડેટોએ ભાગ લઈને આર્મી અંગેની સઘન માહિતિ પ્રાપ્ત કરી હતી.

(૬) તા. ૧૫-૮-૨૦૧૫ ના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કોલેજના પટાંગણમાં ધામધુમથી કરવામાં આવી હતી. જે દિવસે ભક્તિગીત, શૌર્યગીત તેમજ વિવિધ હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પી. આઈ. સ્ટાફે પણ ભાગ લીધો હતો.

(૭) ૨ જી ઓક્ટોબર મહાત્મા ગાંધી જન્મ જયંતિ ના રોજ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ અંતર્ગત કોલેજમાં એન.સી.સી. કેડેટો દ્વારા સફાઈ કામગીરી કરવામાં આવી હતી. જે દિવસે એન.સી.સી. કેડેટો દ્વારા ચીખલી નગરમાં રેલી કાઢી હતી. રેલીમાં સૂત્રોચ્ચાર પોસ્ટર અને સ્લોગનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(૮) ૨૬ મી જાન્યુઆરી ૨૦૧૬ પ્રજાસત્તાક દિનની ઉજવણી કોલેજના પટાંગણમાં ધામધુમથી કરવામાં આવી હતી. કોલેજનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઇ દેસાઇ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જે દિવસે ઉજવણી નિમિત્તે કોલેજના NCC ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભક્તિગીત, NCC ગીત તેમજ વિવિધ હરિફાઈનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

(૯) વિદ્યાર્થીઓ સંરક્ષણ ક્ષેત્રે દેશને યોગ્ય સેવા આપી શકે તે હેતુથી NCC દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. ચીખલી કોલેજ પર તા. ૨૭-૧-૨૦૧૬ ના રોજ વેપન ડ્રીલ, હથિયારોની ઓળખ, પ્રાથમિક ઉપચાર, સ્વાસ્થય શિક્ષણ, સ્વચ્છતા, સંચારતંત્ર, મેપરીડીંગ વગેરે શીખવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચીખલી કોલેજના તમામ કેડેટો, સરકારી સાયન્સ કોલેજ ચીખલી તથા બીલીમોરા કોલેજના NCC ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જે ૨૦ ગુજરાત બટાલિયન નવસારી પી.આઈ. સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી.

(૧૦) CATC કેમ્પ તા. ૪-૨-૨૦૧૬ થી ૧૪-૨-૨૦૧૬ દરમિયાન જીતનગર મુકામે યોજાયો હતો. જેમાં ૧૩ SD કેડેટોએ ભાગ લીધો હતો.

